P.07



પુષ્પા ૨ સ્ટાર અલ્લુ અર્જુનના પિતા બાળકની હાલત જાણવા હોસ્પિટલ પહોંચ્યા

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07



ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં અભિનેત્રી મલ્લિકા શેરાવતનું નિવેદન નોંધ્યું

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૩૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૦૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 131 • Dt. 20-12-2024 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


જમ્મુ કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ

07



**20**
DECEMBER- 2024
FRIDAY



07

સુનિતા વિલિયમ્સ માર્ચ સુધી પૃથ્વી પર પાછી નહીં આવી શકે

**ગુજરાતમાં કોલ્ડવેવ અને ધુમ્મસના કારણે લોકો ધ્રુજ્યા**

ગુજરાતના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ જોવા મળ્યું । રાજ્યના ત્રણ જિલ્લામાં બે દિવસ કોલ્ડવેવનો માહોલ રહેશે । કડકડતી ઠંડીના લીધે જનજીવન ઉપર અસર જોવા મળી । લોકો ગરમ કપડામાં સજ્જ થયાં

# કચ્છ સહિત ત્રણ જિલ્લામાં કોલ્ડવેવનો માહોલ

## કચ્છ, રાજકોટ અને જામનગર જિલ્લામાં કોલ્ડવેવની ચેતવણી આપવામાં આવી । ઉત્તર ભારતના પહાડી વિસ્તારમાં હિમવર્ષાના લીધે ગુજરાતમાં ઠંડીનો માહોલ યથાવત

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૯ ।

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીએ પોતાનો પ્રકોપ વધાર્યો છે. ગુજરાતના મોટાભાગના રાજ્યોમાં ઠંડા પવનોને કારણે લોકોનું જીવન મુશ્કેલ બન્યું છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ છે. દરમિયાન, હવામાન વિભાગે આગાહી કરી છે કે ગુજરાતના ૩ જિલ્લામાં ૨ દિવસ સુધી કોલ્ડવેવ રહેશે. હવામાન વિભાગ દ્વારા ૨૦ ડિસેમ્બરે કચ્છ, પોરબંદર અને રાજકોટમાં કોલ્ડ વેવની ચેતવણી જારી કરવામાં આવી છે. જો આપણે ડેટા પર નજર કરીએ તો, ટ્યુબના તાપમાનમાં ૭.૫ ડિગ્રીનો વધારો થયો છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના ઘણા ભાગોમાં હવામાન સૂકું રહી શકે છે. આજે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનમાં વધારો થયો છે. જેના કારણે દિવસ દરમિયાન ઠંડીમાં આંશિક રાહત મળી છે. વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષાના કારણે ગુજરાતમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૬.૫ ડિગ્રીથી ૧૯.૬ ડિગ્રી વચ્ચે નોંધાયું છે.



### ૫ દિવસમાં તાપમાનમાં ૧-૨ ડિગ્રીની વધઘટ થવાની સંભાવના

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ગઈકાલે રાત્રે નલિયામાં ૭.૫, રાજકોટમાં ૯.૩, અમરેલીમાં ૯.૮, કેશોદમાં ૯.૯, પોરબંદરમાં ૧૦.૫, ભુજમાં ૧૦.૬, ગાંધીનગરમાં ૧૨, સુરેન્દ્રનગરમાં ૧૨.૫, દીશામાં ૧૨.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. વડોદરામાં ૧૨.૮ ડિગ્રી રહ્યું હતું. મહુવામાં ૧૩.૮ ડિગ્રી, કંડલા પોર્ટમાં ૧૩.૫, ભાવનગરમાં ૧૪.૪, અમદાવાદમાં ૧૪.૮, વલ્લભવિદ્યાનગરમાં ૧૫.૨, સુરતમાં ૧૫.૨, દ્વારકામાં ૧૬.૨, વેરાવળમાં ૧૬.૬, ઓખામાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

**શહેરમાં સ્વામિનારાયણ મંદિર માટે જમીન ખરીદી મામલે છેતરપિંડી થયાની ફરિયાદ**

# મંદિરના નામે જમીન ખરીદીવાને લઈને ૩ કરોડની છેતરપિંડી । જમીન દલાલ પર સકંજો

## દહેગામ પાસે રહેતા એક ખેડૂતે જમીન દલાલને મંદિર બનાવવા તેમની જમીન વેચી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૯ ।

રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી. શહેરમાં સ્વામિનારાયણ મંદિર માટે જમીન ખરીદી મામલે છેતરપિંડી થયાની ફરિયાદ થઈ. જમીન દલાલ સુરેશ ઘોરીએ ખેડૂતને તેની જમીન પર ગૌશાળા અને મંદિર બનાવવામાં આવશે તેમ કહી જસ્મીન માઢક પાસેથી રૂપિયા લઈ દસ્તાવેજ કરી લીધા. પરંતુ નક્કી કર્યા મુજબ જમીન વેચાણના ૩ કરોડ રૂપિયા ના આપતા પ ોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. મળતી માહિતી મુજબ દહેગામ પાસે રહેતા એક ખેડૂતે જમીન દલાલને મંદિર બનાવવા તેમની જમીન વેચી. દહેગામ નજીક લીંબા ગામની ૫૧૦ વીઘા જમીન ઉપર ગૌશાળા અને ભવ્ય મંદિર બનાવવામાં આવશે તેમ જમીન દલાલે સુરેશ ઘોરીએ કહ્યું અને આ સોદો ૩ કરોડ રૂપિયામાં નક્કી કર્યો હતો. ખેડૂતને પોતાની જમીન પર ગૌશાળા અને મંદિરના સારા ઉપયોગમાં આવતા વધુ કિમંત થતી હોવા છતાં ૩ કરોડમાં વેચાણ કરવા મંજૂરી આપી. ખેડૂત અને જમીન દલાલ વચ્ચે વેચાણનો સોદો નક્કી થયો.


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪



B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367



વીજળીના બિલને કરો 0

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર

Since 2013
Navkalp SOLAR
it's time to save



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

### ૧૧ વર્ષમાં ૧૮૬૯ લોકોના મોત

# અમદાવાદ શહેરના રિવરફ્રન્ટમાં અનેક તાકીદ છતાં આત્મહત્યાના કેસ યથાવત

**રિવરફ્રન્ટ ઉપર મુકાયેલાં સિક્યોરિટી ગાર્ડ પૈકી કેટલાને તરવાનુ અને નાગરિકોને બચાવવાનો અનુભવ છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

શહેરની મધ્યમાથી વહેતી સાબરમતી નદીના બન્ને કિનારે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયા પછી પણ આત્મહત્યાનાં કેસ યથાવત જણાઇ રહ્યાં છે અને છેલ્લા ૧૧ વર્ષમાં મહિલા, પૂરૂષ અને બાળકો સહિત કુલ ૧૮૬૯ લોકોનાં મરણ નીપજ્યાં છે.મ્યુનિ. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, સાબરમતી નદી ઉપર રિવરળન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો તે પહેલાં નદીમાં ફક્ત ચોમાસા સમયે પાણી વહેતુ જણાતુ હતુ, બાકીનાં મહિનાઓ સાબરમતી નદી સુકી ભઠ જ રહેતી હતી અને ત્યારે આત્મહત્યાનાં સૌથી વધુ બનાવ કાંકરીયા તળાવમાં બનતાં હતા. રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અમલી બન્યો ત્યારબાદ વાસણા બરાજનાં દરવાજા બંધ રાખીને નદીમાં પાણી ભરી રાખવામાં આવે છે, તેના કારણે બ્રિજ ઉપરથી આત્મહત્યા કરનારા કરતાં રિવરફ્રન્ટનાં વોક-વે ઉપરથી આત્મહત્યા કરનારાની સંખ્યા વધી જવા પામી છે.આ મામલે આરટીઆઇ કરી માહિતી માંગી હતી. તેમણે વોક-વે ઉપરથી નદીમાં કૂદકો મારી આત્મહત્યા કરનારની સંખ્યા માંગી હતી. તેમજ ફાયરબ્રિગેડ દ્વારા કેટલા લોકોને બચાવાયા તેની વિગત માંગી હતી.તેના જવાબમાં રિવરફ્રન્ટ તરફથી ૨૦૧૪થી ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં નદીમાં કૂદી આત્મહત્યા કરનારની વિગત આપવામાં આવી હતી, જેમા જણાવાયુ છે કે, છેલ્લા ૧૧ વર્ષમાં નદીમાં પડ્યાનાં ૨૭૬૨ કોલ મળ્યા હતા, તેમાંથી ૨૪૭ મહિલા, ૧૫૮૬ પૂરૂષ અને ૩૬ બાળકને બચાવી શકાયા નહોતા. જ્યારે ૧૯૨ મહિલા, ૨૫૮ પૂરૂષ અને ૧૬ બાળકોને બચાવી લેવાયા હતા.આ સિવાય રિવરફ્રન્ટનાં વોક વે ઉપર કેટલા સિક્યોરિટી ગાર્ડ ગોઠવવામાં આવ્યા છે તેવી માહિતીનાં જવાબમાં રિવરફ્રન્ટ તરફથી એવુ જણાવાયુ છે કે, પૂર્વ કાંઠે પ્રથમ શિફ્ટમા ૧૯, બીજી શિફ્ટમાં ૧૬ અને ત્રીજી શિફ્ટમાં ૯ તથા પશ્ચિમમાં પ્રથમ શિફ્ટમાં ૨૦, બીજી શિફ્ટમાં ૨૦ તથા ત્રીજી શિફ્ટમાં ૧૩ ગાર્ડ ગોઠવવામાં આવ્યા છે. આ તમામ ગાર્ડ એક બીજાથી એક કિલોમીટર દૂર હોય છે તેવુ પણ રિવરફ્રન્ટનાં જવાબમાં જણાવાયુ છે.રિવરફ્રન્ટ ઉપર મુકાયેલાં સિક્યોરિટી ગાર્ડ પૈકી કેટલાને તરવાનુ અને નાગરિકોને બચાવવાનો અનુભવ છે તેવા સવાલનાં જવાબમાં એવુ જણાવાયુ છે કે, અમુકને તરવાનો અનુભવ છે.રિવરફ્રન્ટ તરફથી જવાબો મળ્યા બાદ વ્યવસાયે એડવોકેટ સૈયદે જણાવ્યું હતું કે, રિવરફ્રન્ટ મનોરંજનનુ સ્થળ બન્યુ છે કે, આત્મહત્યા કરવાનુ સ્થળ બન્યુ છે તે નદીમાં આત્મહત્યાનાં આંકડા જોઇ સમજી શકાય તેમ છે. નદીમા કૂદકો મારનારને બચાવવા માટે ફાયર બ્રિગેડનાં ભરત માંગેલ નામનાં એક ફાયરમેનની નિમણૂંક રિવરળન્ટ ખાતે કરવામાં આવી છે અને બે બોટ ફાળવવામાં આવી છે, પરંતુ સ્થળ તપાસ કરતાં ફાયરમેન પોતાની ફરજની જગ્યાએ હાજર જણાયા નહોતા અને બન્ને બોટ ભંગાર બંધ હાલતમાં હતી.



## ભરૂચમાં બાળકી પર દુષ્કર્મ, દેશમાં બળાત્કારના 3 કેસ

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૯ ।

દેશના ત્રણ રાજ્યોમાં બે બાળકીઓ અને એક બાળક પર નિર્દયતાનો મામલો સામે આવ્યો છે. ગુજરાતના ભરૂચમાં ૧૦ વર્ષની બાળકી પર બળાત્કારની ઘટના સામે આવી છે. બીજી ઘટના બિહારના ભોજપુરની છે, જ્યાં એક ૯ વર્ષની બાળકી પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને તેને માર મારવામાં આવ્યો હતો. ત્રીજી ઘટના ઉત્તર પ્રદેશના લખનૌની છે, જ્યાં એક ૫ વર્ષના બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું અને પછી તેની ક્રૂર હત્યા કરવામાં આવી હતી. એક કેસનો આરોપી ફરાર છે. જ્યારે અન્ય એક ઝડપાઈ ગયો છે. પોલીસે ત્રણેય કેસમાં ગુનો નોંધ્યો છે. પરિવારજનોના નિવેદન નોંધ્યા બાદ ફરાર આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. બિહાર કેસમાં આરોપીઓને ફાંસી આપવાની માંગ કરવામાં આવી છે.ગુજરાતના ભરૂચમાં એક બાળકી પર ક્રૂરતા:ગુજરાતના ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં એક ગામમાં ૧૦ વર્ષની બાળકીને હવસનો શિકાર બનાવવામાં આવી હતી.

## અમદાવાદના માંડલ વરમોર નજીક અકસ્માતમાં દંપતીનું મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

ટઅમદાવાદમાં માંડલ નજીક થયેલ અકસ્માતમાં દંપતીનું મોત નિપજયું. માંડલ પાસેના એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો. આ અકસ્માતમાં બાઈક પર સવાર દંપતીનું ઘટના સ્થળે જ મોત નિપજયું. અકસ્માતને પગેલ પોલીસ ઘટનાસ્થળ પર પહોચી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ માંડલ નજીક એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં કાર પર સવાર દંપતીને ગંભીર ઈજા પહોચી. વરમોરનું દંપતી જખવાડા ગામે બેસણામાં ગયું હતું અને ત્યાંથી પરત ફરતા હતા ત્યારે જ અકસ્માતનો ભોગ બન્યા. પૂરપાટ વેગે આવતી કાર સાથે બાઈકની ટક્કર થતા વરમોર દંપતી નીચે પટકાયા.કાર અને બાઈક વચ્ચે ભયાનક અકસમાત થતા ત્યાં લોકો ભેગા થઈ ગયા. ટોળાંમાંના એક વ્યક્તિએ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી.

## ત્રાપજ નજીક સર્જાયો ગમખ્વાર અકસ્માત - ૬ના મોત, ૧૫ ઈજાગ્રસ્ત

। પ્રતિનિધિ, ભાવનગર,તા.૧૯ ।

ભાવનગરના ત્રાપજ નજીક ભયાનક અકસ્માત સર્જાયો છે. વહેલી સવારે રોડની સાઇડમાં રેતી ભરેલા ડમ્પરમાં લક્ઝરી બસ ઘૂસી જતાં ૬ લોકોના મોત થયા છે અને ૧૫ થી વધુ લોકો ઘાયલ થયા છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.×ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. રોડની સાઈડ પર પાર્ક કરેલા ડમ્પર પાછળ સુરતથી રાજુલા જઈ રહેલી ખાનગી બસ ઘૂસી ગઈ હતી. જેમાં બસમાં સવાર ૬ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા અને ૧૫થી વધુ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. મળતી માહિતી અનુસાર, ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ત્રાપજ નજીક સર્જાયેલો અકસ્માત એટલો ભયાનક હતો કે બસની એક સાઈડનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બસના પતરા કાપીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. હાલ મૃતદેહને પી.એમ અર્થે ખસેડ્યા હતા, જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડીને વધુ તપાસ હાથ ધરી છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

### બટાટાની કિંમત પણ આકાશને આંબી રહી છે

# ડુંગળીએ રડાવ્યા બાદ બટાટાના ભાવ કરી રહ્યા છે મધ્યમવર્ગના લોકોને પરેશાન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૧૯ ।

આજકાલ શાકભાજીના ભાવમાં વધારાને કારણે દરેક ઘર મોંઘવારીનો સામનો કરી રહ્યું છે. પહેલા દેશમાં ડુંગળીના ભાવે લોકોને રડાવ્યા હતા હતા, પરંતુ હવે બટાટાની કિંમત પણ આકાશને આંબી રહી છે. આનાથી સામાન્ય લોકોના ખિસ્સાને અસર થઈ રહી છે. બટાટા લગભગ દરેક ઘરે બનાવેલી શાકભાજીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. બટાટાની કિંમતમાં વધારાએ લોકોના રસોડાનું બજેટ ખોરવી નાંખ્યું છે છે.

શાકભાજીના વધતા ભાવથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ઉપરાંત ખાદ્ય તેલના ભાવમાં પણ વધારો થવા લાગ્યો છે. ડુંગળીનો છૂટક ભાવ ૫૦ રૂપિયાથી વધીને ૬૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. નવેમ્બરમાં ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ ડિસેમ્બરમાં બટાટાની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના આંકડા અનુસાર ડિસેમ્બરમાં બટાકાની કિંમત ૩૭.૫૯ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. જો કે, બજારમાં તેનો છૂટક ભાવ ૫૦ થી ૬૦ રૂપિયા પ્રતિ કિલો છે.

ભાવ વધારા પાછળ અનેક કારણો જવાબદાર છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સ (રિસર્ચ) ના ડિરેક્ટર પુશન શર્માના જણાવ્યા અનુસાર માર્ચમાં ભારે વરસાદને કારણે પશ્ચિમ બંગાળમાં બટાટાના પાકને થયેલા નુકસાનને કારણે ભાવમાં વધારો થયો છે. ઓછી આવક અને ઓછી ઉપજને કારણે કોલ્ડ સ્ટોરેજ સ્ટોકમાં ઘટાડો થયો હતો, જેના કારણે બટાટાના ભાવમાં ગયા વર્ષના નીચા આધારથી વર્ષ-દર-વર્ષે તીવ્ર વધારો થયો છે. આજકાલ શાકભાજીના ભાવમાં વધારાને કારણે દરેક ઘર મોંઘવારીનો સામનો કરી રહ્યું છે. પહેલા દેશમાં ડુંગળીના ભાવે લોકોને રડાવ્યા હતા હતા, પરંતુ હવે બટાટાની કિંમત પણ આકાશને આંબી રહી છે.

આનાથી સામાન્ય લોકોના ખિસ્સાને અસર થઈ રહી છે. બટાટા લગભગ દરેક ઘરે બનાવેલી શાકભાજીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. બટાટાની કિંમતમાં વધારાએ લોકોના રસોડાનું બજેટ ખોરવી નાંખ્યું છે.

## દહેગામમાં ઘડિયાળની દુકાનમાં ચાલતો ગાંજાનો ગોરખધંધો ઝડપાયો

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૯ ।

ગાંધીનગરમાં દારૂ અને ગાંજા જેવી માદક વસ્તુઓનો પ્રવેશ રોકવા પોલીસના સઘન પ્રયાસો છતાં યુવા ધન નશાના રવાડે ચડી રહ્યું છે. ખાળે ડૂચા અને દરવાજા મોકળા જેવી સ્થિતિમાં નશાનો ગોરખધંધો રોકવા પોલીસ સતત દોડી રહી છે. ગાંધીનગર એસઓજી ટીમે દહેગામમાં ઘડિયાળની દુકાનમાં ગાંજાનું વેચાણ કરતાં બે સગા ભાઈઓની ધરપકડ કરી છે. ગુજરાત સરકારના નશામુક્ત ભારત અભિયાનને સફળ બનાવવા રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ તથા જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ આપેલી સૂચના અન્વયે એસઓજી પીઆઈ વી.ડી. વાળા અને તેમની ટીમે ચાર્ટર મુજબ કામગીરી હાથ ધરી હતી. પેટ્રોલિંગની સાથે બાતમીદારોને સક્રિય કરતાં પોલીસને દહેગામ ખાતે આવેલા સરદાર શોપિંગ સેન્ટરમાં ગાંજાના વેચાણ અંગે બાતમી મળી હતી. વનસ્પતિજન્ય પદાર્થ મળી આવ્યો હતો. તેમાંથી ગાંજા જેવી વાસ આવતી હતી.

## નણંદ-ભાભી આત્મહત્યાની ચિઠ્ઠી લખી ફરાર

। પ્રતિનિધિ, મહેસાણા ,તા.૧૯ ।

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના નણંદ-ભાભી થોડા દિવસ પહેલા ગુમ થયા હતા. પરિવારજનોએ અનેક સંભવિત સ્થાનો પર તેમની શોધખોળ હાથ ધરી. દરમ્યાન પતિને એક ફોન આવ્યો અને ફરાર થયેલ નણંદ-ભાભીનું ગુમ થવાનું રહસ્ય ખુલ્યું.કડીના નદકા,ણના વતની નણંદ-ભાભીની થોડા દિવસ અગાઉ એક ચિઠ્ઠી લખી ગુમ થઈ ગયા હતા. પરિવાર દ્વારા તેમની શોધખોળ હાથ ધરતા નર્મદા કેનાલ નજીકના ઓગણનાથ મહાદેવ મંદિર પાસેથી એક ચિઠ્ઠી મળી હતી. જેમાં લખ્યું હતું કે 'સોરી હું લાઈફથી કંટાળી ગઈ છું, મને માફ કરજો. મારી મોતનું કારણ હું ખુદ છું, કોઈનો વાંક નથી. ગુડ બાય સોરી'. આ ચિઠ્ઠીમાં તેમના ફોટા પણ હતા અને બંનેના ફોન નંબર પણ હતા. આ ચિઠ્ઠી મળતાં જ પરિવારને આશંકા ગઈ કે ચોક્કસ આ બંને કેનાલમાં કૂદી પડ્યા હશે.




### ઇમર્જન્સી દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં વધુ પૈસા ખર્ચીને ઇકો કઢાવવાની ફરજ પડે છે

# ગાંધીનગરમાં ૬૦૦ બેડની અદ્યતન સિવિલ હોસ્પિટલમાં રડી ઈકો મશીન બંધ હાલતમાં

**અઠવાડિયામાં માત્ર બે દિવસ બે કલાક માટે ઈકો કરવામાં આવતુ હોવાથી દર્દીઓ પરેશાન**

। પ્રતિનિધિ,ગાંધીનગર, તા.૧૯ ।

ગાંધીનગર શહેરમાં અદ્યતન સાધનો સાથેની ૬૦૦ બેડની સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી છે, પરંતુ ખાટલે મોટી ખોડ એવી છે કે છેલ્લા કેટલાક સમયથી રડી ઈકો મશીન બંધ હાલતમાં પડ્યુ છે. અઠવાડિયામાં માત્ર બે દિવસ બે કલાક માટે ઈકો કરવામાં આવતુ હોવાથી દર્દીઓની પરેશાન થઈ રહ્યાં છે. ઈમર્જન્સી દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં વધુ પૈસા ખર્ચીને ઈકો કઢાવવાની ફરજ પડે છે.ગાંધીનગર સિવિલમાં હાલ કાર્ડિયાક સેન્ટર ઉભુ કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૬૦૦ બેડની હોસ્પિટલમાં ત્રણ માળ સુધીના તમામ વોર્ડ, ઓટી સહિત સ્પેશ્યલ વોર્ડ અને મેડીકલ સ્ટોર પણ ખસેડી દેવાયો છે. ગાધીનગર સિવિલમાં આરોગ્ય લક્ષી સુવિધા વધતા દર્દીઓનો ધસારો પણ મોટી સંખ્યામાં થઈ રહ્યો છે. ત્યારે શિયાળાની હાડ થીજાવતી ઠંડીમાં હદય સંબંધિ દર્દીઓની સંખ્યા વધુ જોવા મળે છે. ડોકટરની તપાસ બાદ દર્દીને રડી ઈકો કરવા માટે કહેવામાં આવે છે. રડી ઈકો મશીનમાં યાંત્રિક ખામી સર્જાવાના કારણે દર્દીઓ વારંવાર ધકકા ખાઈ રહ્યાં છે. સિવિલમાં માત્ર બુધવાર અને શુક્રવારના રોજ બપોરે બે કલાક માટે ઈકો કરવામાં આવે છે. તેના કારણે ઈકો માટે દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. ત્યારે હાલના તબક્કે ઈકોનું મશીન ખોટકાયુ છે હવે ચાલુ થશે ત્યારે વધુ લાંબી લાઈનો જોવા મળશે. જો કે આ રડી ઈકો મશીન કયારે રિપેર થઈ જશે અને ક્યારથી ઈકો કરવામાં આવશે તે અંગે કોઈ ચોકકસ ફોડ પાડીને કહી શકતું નથી.

સિવિલમાં નવી બિલ્ડીંગમાં ત્રીજા માળે દર બુધવાર અને શુક્રવારના રોજ બપોરે ૩ થી ૫ ઈકો કરવામાં આવે છે. ત્યારે ઈકો માટે ૪૦ થી પણ વધુ દર્દીઓની લાંબી લાઈન લાગી હોય છે. ઈકોનું મશીન બગડતા દર્દીઓને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. જયારે રઢ ઈકોનું નવુ મશીન વસાવવા માટે સરકાર સમક્ષ સિવિલ તંત્ર દ્વારા માંગણી કરવામાં આવી છે. ત્યારે હાલ એમઆરઆઈ, સીટી સ્કેન, સોનોગ્રાફી, એકસ-રે સહિતની સુવિધા કાર્યરત છે. ત્યારે ઈકોની સેવા બંધ થતા દર્દીઓ મુશ્કેલી અનુભવી રહ્યાં છે. ગાંધીનગર શહેરમાં અદ્યતન સાધનો સાથેની ૬૦૦ બેડની સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી છે, પરંતુ ખાટલે મોટી ખોડ એવી છે કે છેલ્લા કેટલાક સમયથી રડી ઈકો મશીન બંધ હાલતમાં પડ્યુ છે. અઠવાડિયામાં માત્ર બે દિવસ બે કલાક માટે ઈકો કરવામાં આવતુ હોવાથી દર્દીઓની પરેશાન થઈ રહ્યાં છે. ઈમર્જન્સી દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં વધુ પૈસા ખર્ચીને ઈકો કઢાવવાની ફરજ પડે છે.




### ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી

# ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરાયો

। ગાંધીનગર, તા. ૧૯ ।

ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રેસ-મીડિયાને વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સહિતના તમામ ઉદ્યોગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને ઔદ્યોગિક વસાહત માટે જમીન ફાળવણી કરવાની નીતિમાં જરૂરી સુધારો કરીનેજીઆઈડીસીમાં ઉદ્યોગોને જમીન ફાળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે.પ્રવક્તા મંત્રીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યની ઔદ્યોગિક વસાહતો માટે સરકારી પડતર જમીન GIDC તબદીલ કરવામાં આવે છે અને GIDC દ્વારા આ જમીન ઉદ્યોગોને ફાળવવામાં આવે છે.

હાલની પદ્ધતિ અનુસાર જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતા હેઠળની કમિટી દ્વારા સરકારી જમીનના ભાવ નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ નક્કી થયેલા ભાવે પડતર જમીન ૈૈંઢઝને ફાળવવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ ઘણા કિસ્સામાં જમીનના દર હયાત દર કરતા વધુ થતા હોવાનું ધ્યાને આવ્યું હતું. આવી તમામ સમસ્યાઓના નિકાલ માટે ગુજરાત સરકારે જમીન ફાળવવાની આ પ્રક્રિયાને વધુ સરળ બનાવી છે. હવે ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ૩ કેટેગરીમાંજીઆઈડીસીને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે. જે મુજબ કેટેગરી-૧માં સમાવિષ્ટ ૧૧૯ તાલુકાની લઘુ વિકસિત જીઆઈડીસીને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના દરે જ જમીન ફાળવવામાં આવશે. આ ઉપરાંત કેટેગરી-૨માં સમાવિષ્ટ ૭૬ તાલુકાની મધ્યમ વિકસિત જીઆઈડીસીને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૨૫ ટકા દરે, જ્યારે કેટેગરી-૩માં સમાવિષ્ટ ૫૬ તાલુકાની વિકસિત ૈૈંઢઝને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૫૦ ટકા દરે જમીન ફાળવવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

# પ્રવાસે જતી શ્રદ્ધાળુઓની બસ હળવદ પાસે પલટી, ૯ ઘાયલ

। માહિતી બ્યુરો, મોરબી, તા. ૧૯ ।

રાજ્યમાં દિવસેને દિવસે માર્ગ અકસ્માતના બનાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મોરબીના હળવદ પાસે શ્રદ્ધાળુઓને ભરીને ધાર્મિક પ્રવાસે જઈ રહેલી બસ પલટી મારી જતાં ૯ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા હતા.ગાંધીનગરના અડાલજથી કચ્છના ધાર્મિક પ્રવાસે ઉપડેલી ખાનગી લક્ઝરી બસને મોરબીના હળવદ પાસે આવેલા દેવળીયા નજીક ગત મોડી રાત્રે અકસ્માત નડ્યો હતો. બસના ડ્રાઈવરે અચાનક સ્ટિયરિંગ પર કાબુ ગુમાવતાં બસ રોડની સાઈડમાં ઉતરી જઈને પલટી ખાઈ ગઈ હતી. આ બસમાં કુલ ૫૬ જેટલા શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા અને આ દુર્ઘટનામાં ૯ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમાંથી ૧ વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને તમામ મુસાફરોને બહાર કાઢ્યા હતા. અકસ્માતની જાણ થતાં ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ઈજાગસ્તોને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.ગઈકાલે ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રોડની સાઈડ પર પાર્ક કરેલા ડમ્પર પાછળ ખાનગી બસ ઘૂસી ગઈ હતી. જેમાં બસમાં સવાર ૬ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા અને ૧૫થી વધુ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.









## તંત્રી લેખ..

# બિહારમાં દારૂનું સેવન ગુનો છે ?

દારૂબંધી લાગુ કરી ચૂકેલા બિહારના સારણ જિલ્લામાં ઝેરી દારૂએ ૪૦થી વધુ લોકોનો જીવ લીધો છે. વાસ્તવિક આંકડો તેનાથી ઘણો વધારે છે પરંતુ તેના પર ઢાંકપિછોડો કરવાના પ્રયાસો થઈ રહ્યાં છે. દારૂબંધી લાગુ થયા બાદ ઝેરી દારૂથી મોત થવાની આ પહેલી ઘટના નથી. આ ઘટનાઓમાં અત્યાર સુધી સમગ્ર રાજ્યમાં સેંકડો લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. નીતિશ કુમાર સરકારે એપ્રિલ, ૨૦૧૬થી બિહારમાં દારૂના ઉત્પાદન, ખરીદી, વેચાણ, સેવન વગેરે પર પૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. આ ઘટનાને લઈને રાજ્ય વિધાનસભાથી લઈને સંસદ સુધી સવાલ ઉઠ્યા છે. વિધાનસભામાં તો વિપક્ષ ભાજપ અને મુખ્યમંત્રી નીતિશ કુમારમાં જોરદાર વાદ-વિવાદ થયો. સરકાર પર ગેરકાયદે દારૂના વેચાણને રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂકતા અને જીવ ગુમાવનારા લોકોના પરિવારોને વળતર આપવાની માંગ કરતાં ભાજપના ધારાસભ્યોએ નારેબાજી કરી. આ દરમિયાન મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુસ્સે પણ થઈ ગયા. સત્તા પક્ષનું કહેવું હતું કે બિહારમાં દારૂનું સેવન ગુનો છે અને તેનાથી જે લોકો મોતને ભેટ્યા છે તેમને કોઈ પણ પ્રકારનું વળતર આપવામાં નહીં આવે.જો તેમને વળતર આપવામાં આવશે તો તેનો સીધો અર્થ એ નીકળશે કે અમારી સરકાર દારૂના સેવનને સમર્થન આપી રહી છે. રાજદ ધારાસભ્ય સુધાકર સિંહનું કહેવું હતું કે નીતિશની સાથે સરકાર ચલાવી ચૂકેલી ભાજપને આ મામલે બૂમરાણ મચાવવાનો કોઈ નૈતિક અધિકાર નથી. બિહારમાં દારૂબંધી આજે રાજકીય મુદ્દો બની ગયો છે. રાજ્ય સરકારનું કહેવું છે કે ઝેરી દારૂનું સરકારને બદનામ કરવા માટે વેચાણ કરાવવામાં આવી રહ્યું છે. નીતિશ તો ત્યાં સુધી કહી દીધું કે દારૂનું સેવન કરનારાઓને ખબર છે કે દારૂ પીશો તો મરશો. સરકાર તેમાં વળતર કેમ આપે? રાજ્યમાં દારૂબંધીની નીતિની સમીક્ષાની નિરંતર માંગ કરવામાં આવી રહી છે પરંતુ સમીક્ષાને બદલે જરૂર પડ્યે કડક વલણ અખત્યાર કરવામાં આવશે તો જ સ્થિતિમાં સુધારો થઈ શકે છે. દારૂના બુટલેગરો અને પોલીસના ભ્રષ્ટ અધિકારીઓ માટે અબજો રૂપિયાની કાળી કમાણીનો ધીકતો ધંધો છે. નીતિશે મહિલાઓની માંગને સ્વીકારી દારૂબંધીનો નિર્ણય કર્યો હતો. આ વચનની રક્ષા માટે તેમણે જે પોલીસ અધિકારીઓના કાર્યક્ષેત્રમાં ઝેરી દારૂ વેચાય છે તેમને સસ્પેન્ડ કરવાની, મૃત્યુ થતા આબકારી, પોલીસ અધિકારીઓને ૧૦ વર્ષની કેદ અને દારૂનું વેચાણ કરનારા બુટલેગરોને આજીવન કેદ અથવા ફાંસીની સજાની જોગવાઈ કરાવવી જોઈએ. દારૂબંધી માત્ર કાગળ પર ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું પડશે.

---



આજકાલ

લેખક : દીપક જગતાપ

### આખી દુનિયાની ઉત્પન્ન થતી ચામાં ૩૨ ટકા ભારતની ચા છે

**ચા નાં છોડનું આયુષ્ય અમર હોય છે એકવાર છોડ ઉછરી ગયાં પછી એ ચા ની પત્તીઓ આપ્યા જ કરે છે વિવિધ ચા નાં આઉટલેટ્સ પરથી ચા નાં બગીચાની વિવિધ પ્રકારની ચા ખરીદી માટે ઉપલબ્ધ હોય છે ગ્રીન ટી પીતાં માણસો જોવાંહવે સામાન્ય છે**

# સૌથી વધુ લોકોમાં પીવાતું પીણું "ચા"ની અદભૂત દુનિયા અને ચાનું વિજ્ઞાન

**૧૬મી સદીમાં પ્રથમવાર ચીનમાં ચા દવા તરીકે ચીનના હકીમો દર્દીને શક્તિ આપવા, જુસ્સો ચઢાવવા આપ તા હતા. ૧૭મી સદીમાં બ્રિટનમાં ચાનો વપરાશ શરૂ થયો ત્યાંથી ભારતમાં ચાનું આગમન થયું. ચાના છોડને આસામ અને કુર્ગ (તામીલનાડુ)નું હવામાન ફાવી ગયું**

શિયાળાની ઠંડીમાં ચા અચૂક યાદ આવે. ઠંડીમાં ગરમાગરમ ચાની ચુસ્કીહોય તો મઝા જ આવી જાય. આજે આપણે ચાની ગરમાગરમ વાતો કરીએ.દેશ અને દુનિયાભર મા સૌથી વધુ લોકો ચા પીવે છે.સદીઓથી સૌના ઘર ઘરનુ પીણુ બની ગયેલ ચા આજે પણ લોકો મા એટલી જ પ્રિય છે . પાણી પછી માનવીને પીણા તરીકે ઉપયોગમાં આવતું પીણું એટલે 'ચા' છે .ચા એટલે ચાનાં પ્રોસેસ કરેલાં પાન ગરમ પાણીમાં ઉકાળી જરૂર પ્રમાણે દૂધ અને ખાંડ નાખી બનાવવામાં આવતું પીણું. પણ આ ચા ની ખૂબ મોટી અદભૂત દુનિયા છે. ચા ના ફાયદા પણ ઘણા છે અને નુકશાન પણ ઘણા છે.સૌથી વધારે ચા ના શોખીન ભારતીયો છે. જેને કારણે ગલી ગલીએ ચાની લારીઓ થી માંડીનેમોટી મોટી મોટી હોટલો મા સ્પેશિયલ ચા નો કરોડો નો બિઝનેસ ચાલે છે.





આપણે ત્યા બે પ્રકારની ચા બને છે જેમા એક ક્વોલિટી હોય છે ઓર્થોડોક્સ પ્રકાર ની અને બીજી ક્વોલિટી હોય છે સીટીસી પ્રકારની ચા .જેમા સૌથી બેસ્ટ 'ઉત્તમ ક્વોલિટી અને ઓર્થોડોક્સ મા માત્ર ચા ની પત્તી નો જ ઉપ યોગ થાય છે જે ની પ્રોસેસ કરીને એક્સપોર્ટ ક્વોલિટી માટે વપરાય છે જે ખૂબ મોંઘી હોય છે સમાન્ય લોકો આ ચા ખરીદતા નથી મે મુન્નાર ની ફેક્ટરીમાથી ૧૪૦૦રૂ ની ૧૦૦ ગ્રામ વ્હાઈટ ટી ખરીદી .જ્યારે બીજી સીટીસી પ્રકારની ચા એ જનરલ ચા ગણાયછે જેમા ચાના પાંદડા અને તેની ડાલખી વધુ જ મિક્ષ કરી ને વપરાય છે દેશભરમાંઅને બજાર મા મલતી આ ચા સમાન્ય પ્રકાર ની ચા છે જે આપણે બધા મોટા ભાગે આ જ ચા પીઈએ છીએ .

ચા ના પાન ની ડાળખી હાથમા લઈએ તો એમા એકદમ કુમળી નાજુક તાજી ફર્સ્ટ પાન જે હોય છે જેને આપણે કુંપળ કહી શકીએ તે કુંપળ તોડી ને જે ચા બને છે તે ફર્સ્ટ ક્વોલિટી ની ચા જે વ્હાઈટ ટી તરીકે ઓલખાય છે .ત્યાર પછી બીજા બે પાન દેખાય તેમાથી ગ્રીન ટી બને છે અને ત્યાર પછી ત્રીજા ચોથા પાન માથી જે ચા બને તે બ્લેક ટી કહેવાય છે જે જનરલ ચા તરીકે જાણીતી છે .વ્હાઈટ ટી અને ગ્રીન ટી માથી જે ફર્સ્ટ ક્વોલિટી ની ચા બને છે તેગુણકારી હોય છે.

ચા નાં છોડનું આયુષ્ય અમર હોય છે. એકવાર છોડ ઉછરી ગયાં પછી એ ચા ની પત્તીઓ આપ્યા જ કરે છે. વિવિધ ચા નાં આઉટલેટ્સ પરથી ચા નાં બગીચાની વિવિધ પ્રકારની ચા ખરીદી માટે ઉપલબ્ધ હોય છે. ગ્રીન ટી પીતાં માણસો જોવાંહવે સામાન્ય છે. ગ્રીન ટી ને સંજીવની તરીકે ઓળખવામાં આવે છે.ખરેખ ચા ની દુનિયા અદભૂત છે.

#### ભારતમા ચા ના બગીચા

ભારતના ખૂબસુંદર ચા ના બગીચા એટલે કે ટી ગાર્ડન ખાસ કરીને આસામ, દાર્જિલિંગ, તમિલનાડુ અને કેરાલા મા વિશેશ થાય છે.

જેમાઅસમ ભારતના ઉત્તરપૂર્વમાં આવેલ છે અને ભારતનું સૌથી વધુ ચા ઉત્પાદન કરતું રાજ્ય છે. મૉલ્ટી અસમિયા ચા સૌથી વધારે બ્રહ્મપુત્ર ઘાટીમાં ઉગાડવામાં આવે છે. ઘાટીના મધ્યભાગમાં આવેલ જોરહાટ ને વારંવાર 'વિશ્વની ચાની રાજધાની' કહેવામાં આવે છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં સ્થિત દાર્જિલંગ એક પ્રસિધ્ધ હિલ સ્ટેશનની સાથે પોતાની ચા માટે વિશ્વભરમાં પ્રસિધ્ધ છે. દાર્જિલિંગમાં ચોતરફ ચા ની ખેતી કરવામાં આવે છે. અહી ઉત્પાદન થતી ચાની ખાસિયત એ છે કે તે હલકા રંગની હોય છે અને તેના ફૂલોની સુંગધ પણ આવે છે. ભારતના કુલ ચા ના લગભગ ૨૫ ટકા ઉત્પાદન દાર્જિલિંગમાં થાય છે. અહી હેપ્પી વેલી ટી એસ્ટેટ જોઈ શકો છો.જ્યારે તમિલનાડુમાં આવેલ કોલુકકુમાલે ચા એસ્ટેટ કદાચ દુનિયાનું સૌથી ઉંચો ચા નો બગીચો છે. સૌથી ટોચની પહાડી પર બનાવાના કારણે આ ચા પોતાની અલગ સુગંધ અને સ્વાદ માટે જાણીતી છે. આ મુન્નાર શહેરથી અંદાજે ૩૨ કિમી દૂર પર આવેલ છે.

#### સદીઓ પુરાણો ચાનો ઈતિહાસપણ જણવા જેવો છે

બોટનીની ભાષામાં 'કેમેલીઆ સીનેસીસ' નામથી ઓળખાય છે. ચાના છોડના પાંદડાને જુદી જુદી રીતે પ્રોસેસ કરીને અનેક જાતની ચા બનાવાય છે અને તેને અનેક નામ પણ આપેલાં છે. ૧૬મી સદીમાં પ્રથમવાર ચીનમાં ચા દવા તરીકે ચીનના હકીમો દર્દીને શક્તિ આપવા, જુસ્સો ચઢાવવા આપતા હતા. ૧૭મી સદીમાં બ્રિટનમાં ચાનો વપરાશ શરૃ થયો ત્યાંથી ભારતમાં ચાનું આગમન થયું. ચાના છોડને આસામ અને કુર્ગ (તામીલનાડુ)નું હવામાન ફાવી ગયું. આ પહેલાં ચા ચીનથી આવતી અને ત્યાર પછી બ્રિટનથી. અત્યારે આખી દુનિયામાં ભારતની ચા જાય છે. અને આખી દુનિયાની ઉત્પન્ન થતી ચામાં ૩૨ ટકા ભારતની ચા છે. આ બિઝનેસ ૧૦,૦૦૦ કરોડનો છે.

ચા ચાના છોડના પાંદડામાંથી બનાવવામાં આવે છે. તે ચા જે દેશમાંથી આવે છે તે પ્રમાણે પ્રકાર ગણીએ તો ૧. ઈન્ડિઆ ટી ૨. ચાઈના ટી મુખ્ય છે. અને ત્રીજો પ્રકાર જુદા જુદા ઠેકાણેથી આવતો હોઈ હાઈબ્રીડ ટી ગણાય છે. આ ત્રણ પ્રકારની ચાને જુદા જુદા પ્રકારના પ્રોસેસ કરીને બનાવવામાં આવે છે. એ પ્રમાણે ગણતાં ચાની મુખ્ય જાતોમા૧. બ્લેક ટી ૨. ગ્રીન ટી ૩. વ્હાઈટ ટી ૪. હર્બલ ટી અને ૫. ઓલોંગ ટી નો સમાવેશ થાય છે.

**બ્લેક ટી:** દેખાવમાં અને રંગમાં કાળી અથવા આછી સફેદ છાંટવાળી ચા એટલે બ્લેક ટી. ચાની બધી જાતો કરતાં આખી દુનિયામાં વધારે (૯૦ ટકા) વપરાય છે. ચાના લીલા પાંદડાને સૌથી વધારે પ્રમાણમાં ઓક્સીડાઈઝ કરીને કાળી ચા બનાવવામાં આવે છે. ચાનાં લીલાં પાંદડાંને ફેક્ટરીમાં કામ કરતા મજુરો અભરાઈ પર પાથરી દે છે. આ પાંદડાં સુકાઈ જાય પછી રોલરથી તેના ટુકડા કરવામાં આવે છે. અને રૂમમાં પાથરી દેવામાં આવે છે. આને કારણે ચાનાં પાંદડાં હવામાંનો ઓક્સીજન ખેંચી શકે.

---

## આખરી શરત

### જીવવા માટે પૈસા જરૂરી છે, તન વેચીને પૈસા કમાવા એનાં કરતાં કોખ વેચવી સારી



વિશેષ

ફાલ્ગુની ત્રિવેદી

અઢાર વર્ષની કાચી ઉંમરે મમ્મી પપ્પાના અચાનક મૃત્યુ અને પછી પોતાનાં જ સગા દ્વારા મિલકત હડપવા માટે કરેલું પ્રપંચ કિનારાના મનોબળને તોડવા પૂરતું હતું. આવી પરિસ્થિતિમાં યુવાન ,સુંદર ,એકલી છોકરી વાસનાભૂખ્યા વરૂઓથી ભરી દુનિયાને ક્યાં સુધી લડત આપી શકે ? પણ દેહનો સોદો કે આત્મહત્યા કરવી નહોતી. કોઈ સહારા કે પૈસા વગર એકલાં જીવન જીવવું લોઢાના ચણા ચાવવા સમાન હતું એ વાત પણ કિનારા બરાબર જાણતી હતી. આવી વિકટ પરિસ્થિતિમાં એ વખતે કિનારાની એક સખીએ કહ્યું; " તું ખરાબ ન લગાડે તો એક વાત કહું ? જીવવા માટે પૈસા જરૂરી છે, તન વેચીને પૈસા કમાવા એનાં કરતાં કોખ વેચવી સારી." એણે સેરોગેસી વિશે વાત કરી. કિનારા પાસે ત્યારે બીજો કોઈ રસ્તો નહોતો એટલે એ "સેરોગેટ મધર" બનવા તૈયાર થઈ ગઈ.

બાળક ઝંખતાં દંપતી બીજી યુવતીની કોખ ભાડે લેવા માં માંગ્યા રૂપિયા આપવા તૈયાર હતાં. કિનારાની શરત હતી કે એનું નામ એકદમ ગુપ્ત રહેવું જોઈએ. ડોક્ટર સિવાયના પુરૂષોને એ મળશે નહીં, કૅરટેકર પણ વયોવૃધ્ધ અનુભવી સ્ત્રીજ હોવાં જોઈએ. પહેલીવાર એ સેરોગેટ મધર બની ત્યારે બહુ નાદાન હતી. જે બાળક એના કોખમાં મોટું થઈ રહ્યું હતું તે બાળક એનું કંઈજ નહોતું, છતાં કિનારા એની સાથે જોડતી ચાલી. ડિલિવરી પછી જ્યારે બાળકને તેના માતાપિતા લઈ ગયા, ત્યારે એ અંદરથી સાવ ભાંગી પડી હતી , છતાં જીવવાનું તો હતું જ. કેરટેકર બા કિનારાની જેમ એકલાં જ હતાં એટલે બંને ને એકબીજાનો સહારો મળી ગયો.થોડાં વર્ષો વીતી ગયાં. બીજીવાર એ થોડી વધુ પ્રોફેશનલ બની ગઈ હતી . એણે રહેવા માટે પોતાનાં ઘરની શરત મૂકી હતી. ત્રીજી ડિલિવરી થઈ પછી કિનારા નાદાન છોકરી મટી મેચ્યોર સ્ત્રી બની ચુકી હતી. સ્વમાનથી રહેવાં માટે એણે સરસ ઘર અને સારું બેંક બેલેન્સ કમાઈ લીધું હતું. પણ હવે એનું ગર્ભાશય બહુ નબળું પડી ગયું હતું.એની પાસે જીવવાના સાધનો તો હતાં પણ જીવવાનું કોઈ કારણ નહોતું. તેને પોતાનું પરિવાર અને સંતાન જોઈતું હતું, પણ આ બધી જ હકીકત જાણી લગ્ન કરવા માટે કયો પુરુષ તૈયાર થાય ? જીવન આમ જ શાંતિથી વિતતું હતું પણ કિસ્મતને એની હજુયે કસોટી કરવી હતી.

'પવન' જેને ક્યારેક એ દિલથી ચાહતી હતી,. એ સેરોગેટ મધરની શોધમાં કિનારાની સામે આવ્યો, પવન પાસે બધું જ હતું તે છતાં તેની પત્ની માતા બની શકે તેમ ન હતી. પિતા બનવાની એની આ તડપ કિનારાને પોતાની તડપ જેવી જ લાગી. પવનના આંસુમાં કિનારા જાણે તણાઈ રહી હતી . એ સારી રીતે જાણતી હતી કે આ તેની અંતિમ ગર્ભાવસ્થા હશે . પણ હૈયું ક્યારેથી મગજની વાત માનવા લાગ્યું !! ભલેને સામાજિક રીતે નહીં પણ આ રીતે જ સહી. પવનના બીજને પોતાના ગર્ભમાં ધારણ કરવા એ તૈયાર થઈ ગઈ , પણ તેની એક શરત હતી. જો એ શરત પુરી થાય તો એ સેરોગેસી માટે તૈયાર હતી.

---



### ચીનની સાખ નિરંતર વિવાદના ઘેરામાં છે ૨૦૧૩ પછીથી ચીનની આર્થિક ગતિ મંદ પડી છે

**રશિયાની યુદ્ધ નીતિના વિરોધ છતાંય ભારત-રશિયાના સંબંધો મજબૂત થતા ગયા આ બધુ ચીનની આંખોમાં કણાની માફક ખૂંપી રહ્યું છે ચીન પોતાની આર્થિક જાળ દ્વારા સામરિક સમીકરણની જાળ પાથરવામાં નિષ્ફળ થતું જોવા મળી રહ્યું છે**

# કેટલાક દેશોએ ચીન વિરૂદ્ધ અભિયાન પણ શરૂ કરી દીધું છે

**ભારત સાથે યુદ્ધ જેવી સ્થિતિ પેદા કરી તે પોતાના વિરુદ્ધ બની રહેલા સમીકરણોને તોડી નાખશે કે તેને બનવા નહીં દે. પરંતુ તેનો દુશ્મન એક નથી પરંતુ પગલે પગલે ઊભેલા છે**

તવાંગના મુદ્દાને બે રીતે જોઈ શકાય છે. પહેલો, ચીનની આંતરિક સ્થિતિ વધારે સારી નથી. રાષ્ટ્રપતિ શી જિનપિંગની રાજકીય નાવડી ડૂબતી જોવા મળી રહી છે. અત્યારે તો તેમનું સમગ્ર ધ્યાન એક જ વાત પર કેન્દ્રિત છે કે કેમ કરીને ચીનમાં સામ્યવાદી વ્યવસ્થાના સ્થાપક માઓ ત્સે સુંગની જેમ પોતાની રાજકીય હેસિયતને બચાવી શકાય. જ્યારે કે સત્ય એ છે કે ચીનનું આર્થિક માળખુ ૨૦૧૩ પછી સતત ડામાડોળ થઈ રહ્યું છે. કૂટનીતિક પડકારો તાઈવાન અને જાપાન તરફથી વધારે કડક છે. કોરોનાના આઘાતથી ડામાડોળ થયેલી ચીનની સામ્યવાદી વ્યવસ્થા લોકોના ગુસ્સાનો પ્રકોપ પણ સહન કરી રહી છે. આવા સંજોગોમાં પાડોશી દેશો સાથે યુદ્ધની વાતો લોકોને ભ્રમિત કરે છે. ચીનની એ દલીલને નકારી ન શકાય કે ગલવાન સંઘર્ષ બાદ ચીને તવાંગને નિશાનો બનાવ્યું. બીજુ, ચીન દરેક સમયે જોવા માગે છે કે ભારતની સૈન્ય અને રાજકીય વ્યવસ્થા કેટલી સજાગ અને મજબૂત છે. દોકલામ, ગલવાન પુનઃ તવાંગ એ જ સિદ્ધાંતની પુષ્ટિ કરે છે. ચીન યુદ્ધ કરવા નથી માગતુ પરંતુ એ જરૂર જાણવા ઈચ્છે છે કે ભારત કેટલી હદ સુધી તૈયાર છે?



ભારત-ચીનની સેના વચ્ચે અરૂણાચલ પ્રદેશના તવાંગમાં થયેલી અથડામણનો મુદો દેશની સંસદ સુધી પહોંચી ગયો છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહે તવાંગના સંઘર્ષ પર આકરી પ્રતિક્રિયા આપી છે. દરમિયાન ચીની વિદેશ મંત્રાલયે તવાંગ સંઘર્ષ પર નિવેદન આપ્યું. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા વેનિવને કહ્યું કે ભારત સાથે સરહદે સ્થિતિ સ્થિર છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનિવને કહ્યું કે ભારત-ચીન સરહદે સ્થિતિ કેટલીક દિવસો પછી પુનઃ સામાન્ય છે. તેમણે કહ્યું કે, સરહદે બન્ને પક્ષોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. ભારતના તવાંગ સેક્ટરમાં શુક્રવારે સામ-સામે અથડામણ થઈ અને બન્ને પક્ષોના જવાનો ઈજાગ્રસ્ત પણ થયા છે. જોકે વાંગે અરૂણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરના યાંગત્સે વિસ્તારમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે ૯ ડિસેમ્બરે થયેલા સંઘર્ષ અંગે માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો. ભારતીય વાયુસેનાની પૂર્વોત્તરમાં મજબૂત હાજરી છે અને અસમના તેજપુર અને છાવુઆ સહિત અનેક સ્થળે સુખોઈ-૩૦ ફાઈટર વિમાન તૈનાત છે. રાફેલ ફાઈટર વિમાનોને પશ્ચિમ બંગાળના હાશિમારામાં તૈનાત કરવામાં આવ્યા છે. ચીની સેનાની નજર એલએસપી પર છે, પરંતુ અરૂણાચલ પ્રદેશના તવાંગ જિલ્લાને લઈને તેના ઈરાદા વારંવાર જાહેર થતાં રહ્યાં છે. ૧૯૬૨ના યુદ્ધ વખતે ચીને ભારતના પૂર્વોત્તર વિસ્તારમાં પોતાના સૈનિકોને મોટી સંખ્યામાં તવાંગના માર્ગે અસમ સુધી દાખલ કરાવ્યા હતાં. કેટલાક સમય માટે તવાંગ ચીનના કબજામાં રહ્યું હતું. ઓક્ટોબર ૨૦૨૧માં ચીનના ૨૦૦ સૈનિકોનું એક દળ તવાંગ સ્થિત ભારત-ચીન-ભૂતાન સરહદ નજીક ભારતીય ગામમાં ઘૂસી ગયું હતું પરંતુ ભારતીય સૈનિકોએ તેમને ઊભી પૂંછડિયે ભગાડ્યા હતાં. આ વખતે પણ ચીની સેનાના ઈરાદા કંઈક આવા જ હતાં પરંતુ ભારતીય સૈનિકો સામે ફરી એક વખત તેઓ વામણા પુરવાર થયા. અમેરિકાનું વર્તમાન ચીન વિરોધ કોલ્ડવોરના માહોલથી અલગ છે. ૧૯૫૦થી ૧૯૭૨ સુધી વિરોધ વૈચારિક હતો, સામ્યવાદ અને મૂડીવાદ વચ્ચે વર્ચસ્વની લડાઈ હતી પરંતુ ૨૦૧૬થી ૨૦૨૦ વચ્ચેનો દ્વંદ્વ અસ્તિત્વની મથામણ છે. અમેરિકા કોઈપણ ભોગે ચીનને વિશ્વની મહાશક્તિ બનતા જોઈ શકે તેમ નથી આ માટે તે ગમે તે હદ સુધી જવા માટે તૈયાર છે. અમેરિકાની આ વિચારધારાને જો કોઈપણ દેશ સાર્થક મદદ આપવાની સ્થિતિમાં છે તો તે ભારત છે. ભારતની પોતાની જરૂરિયાતો છે, ચીનને નબળુ બનાવવામાં. કોરોનાએ એવી ભૌગોલિક રાજકીય સ્થિતિ સર્જી દીધી છે જેમાં ચીનની ગતિ અટકી જવાની સાથે-સાથે તોડી પણ શકાય છે અને આ માટે તિબેટથી સારો વિષય બીજો કોઈ હોઈ ન શકે. દાયકાઓથી ચાલતી આવી રહેલી આતંક અને અલગાવવાદની સમસ્યા થંભી જશે, પાડોશી દેશોમાં પણ ભારતની ધાક વધી જશે. કૂટનીતિમાં સમય-પરિસ્થિતિની મહત્વની ભૂમિકા હોય છે. જો તીર યોગ્ય સમયે કમાનમાંથી ના નીકળે તો પોતાના માટે પણ ઘાતક બની શકે છે.

ચીનની સાખ નિરંતર વિવાદના ઘેરામાં છે. ૨૦૧૩ પછીથી ચીનની આર્થિક ગતિ મંદ પડી છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં કેટલાક દેશોએ ચીન વિરૂદ્ધ અભિયાન પણ શરૂ કરી દીધું છે. જર્મનીએ ચીનની બે સોફટવેર કંપનીઓ પર પ્રતિબંધ મૂકી દીધો છે. જવૂતી, જે આફ્રિકાનો નાનકડો દેશ છે અને ચીનના દેવાને કારણે મરણ પથારીએ છે તેણે ચીનનું દેવુ પરત ન કરવાનો નિર્ણય કર્યો છે.

---

# આપણી અંદર આમૂલ પરિવર્તન નહીં કરીએ ત્યાં સુધી આપણે હંમેશા માટે સંઘર્ષમાં જીવતા રહીશું



મન ઉપવન

મુકેશ આંજણા

વર્તમાન માણસે પોતાના પરનો કાબુ ગુમાવી દીધો છે. છેલ્લા શ્વાસ સુધી પથારીમાં પડ્યો હોવા છતાં કંઈક મેળવવાની ઝંખના માંથી છૂટી શકતો નથી. સાદા અર્થમાં કહીએ તો માણસની પાસે અપાર ઈચ્છાઓ છે. તેના લીધે જીવનમાં અંધકાર પ્રવેશતા વાર લાગતી નથી તે સૌથી મોટી પીડા છે, કેમ કે જીવનમાં ઘણું બધું મેળવવાની પાછળ માણસ અંધ બની જાય છે.

માણસની ઘણું બધું મેળવવાની ઈચ્છાઓ પર લગામ નથી. જો માણસ સુખ મેળવવા માટે આંધળી દોટ મૂકશે તો તેનું જીવન અંધકારમાં અટવાતું જશે. તેના લીધે ભવિષ્ય ધૂંધળું બની જાય છે. જીવનને પ્રકાશીત કરવું એટલે શાંતિસર સુખનાં ધામ તરફ પ્રયાણ કરવું. મહાન પત્રકાર ખુશવંતસિંહે 'એબ્લોલ્યુટ ખુશવંત-ધ લો-ડાઉન ઓન લાઈફ 'ડેથ એન્ડ મોસ્ટ થિંગ્સ ઈન-બિટુવીન નામની આત્મકથા લખી છે. જેમાં માણસને સુખી થવા માટે શું જોઈએ. અથવા સારું જીવન જીવવા માટે શું કરવું જોઈએ. તે વિશે આખું પ્રકરણ લખ્યું છે. જીવનમાં કોઈ શોખ કેળવો વાંચન, લેખન, બાગકામ, ચિત્રકામ, સંગીત વાદન કે સાંભળવુ જેવા કોઈ પણ એક બે શોખ હોવા જોઈએ. આપણે ત્યાં એક એવો વર્ગ છે. જે ખૂબ પૈસા કમાયા હોય તો ભોગ તેને વિલાસમાં વેડફી નાખે છે. ખુશવંત સિંહના પરિવારનાં કેટલાક સભ્યો અને ઘણા ખરા ભાઈ બંધો, જેઓ શેરીમાં રખડતા કૂતરાઓની સંભાળ લેવા તેમને ખોરાક-દવા અને ઘણી બધી સારવાર કરવામાં આખો દિવસ કાઢી નાખતા. બીજા ઘણા મિત્રો દુઃખિયાની વિના મૂલ્યે સારવાર કરે છે.

ખુશવંત સિંહની વાત એકબાજુ મૂકી એ તો બીજી મહત્ત્વની વાત છે કે પ્રત્યેક માણસે જીવનનો ભેદ ઊંડાઈથી સમજવો જોઈએ. જીવનમાં વ્યાપેલી ચેતનાને ઓળખવી જોઈએ. જીવનને અજવાળવા માટે, પ્રકાશીત કરવા માટે અવિરત મથતા રહેવું પડે છે. જીવનમાં પ્રકાશની શોધ કરવી એટલે ધારેલા મુકામ સુધી પહોંચવું. જ્યાં સુધી દિલનો દિવો રોશન ન થાય ત્યાં સુધી પરમ શાંતિવાળું સુખ પ્રાપ્ત કરી શકાતું નથી. અનેક માણસો જીવનમાં સફળ થવાની લાયમાં હૃદયમાં પડેલી મૌલિક શક્તિ જાણી શકતા નથી. જીવનમાં સફળ થવાનું સુત્ર છે કે જે ક્ષેત્રમાં સફળ થવા ઈચ્છીએ તે બાબતે કાબેલ બનવું પડે છે. જો માણસ જીવન જીવવા કાબેલિયત કેળવશો તો જીવનમાં આપમેળે અજવાળું પથરાશે. દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે કે માણસ તરીકે આપણી અંદર આમૂલ પરિવર્તન નહીં કરીએ ત્યાં સુધી આપણે હંમેશા માટે સંઘર્ષમાં જીવતા રહીશું. માણસે જો જીવનમાં કંઈ પ્રાપ્ત કરવુ હોય તો રોજીંદી પ્રવૃત્તિમાંથી ઘણું બધું શીખવું પડશે. દુઃખમાંથી, અનુભવમાંથી ઈતિહાસમાં બનેલી ઘટનામાંથી આપણે ઘણું બધું શીખવું પડશે. આપણે ઘણા બધા કર્યો સમજણ વગરના કરીએ છીએ. એટલા માટે આપણી સામે સમસ્યારૂપી ઘણા પ્રશ્નો ઉભા થાય છે. મહાન ફિલોસોફરે પ્લેટોએ રિ-પબ્લિક નામનું વિશ્વ પ્રસિધ્ધ પુસ્તક લખ્યું છે. તેમાં જુદા-જુદા વિષયો પર ચર્ચા છે. તેમાં લખ્યું છે, જે માનવી પોતાના અંતર આત્મામાંથી સૂઝેલી દિશા તરફ કેળવણી વાળે છે. તેવો માણસ ભવિષ્યમાં સુખી થાય છે. પ્લેટોની જીવન લક્ષી ફિલોસૂફી ઘણી રીતે ઉપયોગી થાય છે. તે કહે છે, માણસની પાસે અજ્ઞાનનો વધારો થાય છે ત્યારે જીવનમાં અંધકાર આવી જાય છે. કારણ કે અજ્ઞાન એ સૌથી મોટું દુઃખ છે. જે માણસ પોતાની રીતે જાણી લે કે અજ્ઞાનને દૂર કેવી રીતે કરી શકાય તે માણસના જીવનને દીવાના પ્રકાશ જેવું થતા કોઈ રોકી શકશે નહીં. જો માણસ એમ સમજતો હોય કે મારા જીવનમાં કોઈ આવીને અજવાળું પાથરી દેશે તો બિલકુલ ખોટી વાત છે. માણસમાં સૂતેલી ચેતનાની જ્યોતિ તેણે પોતે જ પ્રગટાવી પડશે. જીવન પાસે નવી સાર્થકતા હોય છે. જીવન જીવવાનું અજવાળું ઓલવાઈ જવું જોઈએ નહીં. જીવનમાં સતત વીજળીના ચમકાર થવા જોઈએ.

ચીન દેશના મહાન ફિલોસોર કન્ફ્યૂશિયસે ફિલોસૂફી વિશ્વના ચારેખૂણે જીવંત છે. કન્ફશિયસને કોઈ ધર્મની સ્થાપના કરી ન હતી. પરંતુ માનવીનું જીવન કેવી રીતે ઉન્નત બનાવું તેવો પ્રયાસ કર્યો હતો. જ્ઞાની ઉપ દેશક કન્ફ્યૂશિયસે કહ્યું છે કે તેજસ્વી માનવીને દુઃખ તો પોતાની શક્તિની મર્યાદાનું હોય છે. લોકો પોતાની શક્તિની કદર નથી કરતાં, એ વાતનો રંજ તેને થતો નથી. જીવનની યાત્રા સદંતર ચાલતી રહે છે. એની સાથે માણસ પોતાની કાર્યશક્તિ ઘટાડી દે છે. ત્યારે જીવનની ધીરજનો મુખ્ય હેતુ તો પોતાના વિશે અભ્યાસ કરવાનો છે. કન્ફશિયસની વાત ગળે ઉતારવા જેવી છે, કારણ કે માણસ જીવનને કંઈ દિશામાં વિકસાવું જોઈએ. એ જાણતો નથી જીવન બે છેડા ભેગા કરવામાં આખો દિવસ માણસ ધાંધલ-ધમાલ કરે છે. પોતાનો રસનો વિષય જાણ્યા વગર માણસ નીચું ઘાલીને મથ્યા કરે છે. પોતાના મનપસંદ ક્ષેત્રમાં જીવનને વિકસતા વાર લાગતી નથી. જ્યાં સુધી જીવનને કંઈ દિશામાં વિકસાવવું છે તે જાણશો નહીં ત્યાં સુધી તમે પરેશાન થતા રહેશો. ઘણી બધી મુશ્કેલીનો સામનો કરવો પડશે અને જીવનની લાઈન મળશે નહીં. આના કરતાં જીવનનો રસ જાણો ખુદ જાણો અને વિચારી જોવો કે મારા જીવનનું કલ્યાણ શેમાં છે. હૃદયના બારણે ટકોરા મારો અને જીવન વિશે જાણો કે મારે શું કરવાનું છે. આપણે આપણા જીવનનો ઓરડો સુગંધીદાર હોવા છતાં જીવનની સુગંધ માણવાનું ચૂકી જઈએ છીએ. માણસની અંદર મોટો ખજાનો પડયો છે. એ ખજાનો ખુદ માણસ છે.

ઈ.સ.૧૯૯૧માં સ્પેનમાં પાબ્લો વિકાસો નામનાં માણસનો જન્મ થયો હતો. જેને આખી દુનિયા મહાન ચિત્રકાર તરીકે ઓળખે છે. એવું કહેવાય છે કે ૧૩ વર્ષની વયે તેમણે પહેલું ચિત્ર પ્રદર્શન ગોઠવ્યું હતું. પાબ્લો પિકાસો કહે છે કે હું ચિત્ર દોરવા લાગ્યો મને ચિત્ર દોરવાથી આનંદ મળતો. પાછળથી ચિત્રકાર તરીકે ખ્યાતિ પામ્યો અને માત્ર પિકાસો બની ગયો પાબ્લો પિકાસો પાસે એટલું જ શીખવાનું છે જીવનમાં ક્યાં ક્ષેત્રમાં સફળ થઈ શકો છો તે જાતે વિચાર કરો અને એની પાછળ લગાતાર મહેનત કરતાં રહો એ જ જીવન જીવવાની સાચી ચાવી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

‘હું હવે ક્યારેય ઓડિશન નહીં આપું...’

# ભુવન બામે વર્ણવી ગ્લેમરસ જીવનની વરવી વાસ્તવિકતા



તાજેતરમાં એક ઈવેન્ટમાં ભુવન બામે તેની કારકિર્દીની સફર વિશે વિગતવાર વાત કરી છે. આ દરમિયાન પણ દર્શકો તેના જવાબ પર જોરદાર અવાજ ઉઠાવતા રહ્યા હતા. ભુવન બામે ગ્રેટર નોઈડાની આખી જિંદગી બદલી નાખનારી ઘટના કહી છે. તેણે જણાવ્યું હતું કે, ‘હું રિયાલિટી શોના ઓડિશન માટે ગ્રેટર નોઈડા ગયો હતો. મારો વારો આવ્યો ત્યારે ઓડિશનનો સમય પૂરો થઈ ગયો હતો. પછી આયોજકોએ મને બીજા દિવસના ઓડિશન માટે ટોકન સાથે આવવા કહ્યું. પરંતુ બીજા દિવસ ટોકન મેળવવા યુવાનો એકબીજા સામે હરીફાઈ કરવા લાગ્યા હતા.’આ વાત કરતા તેણે જણાવ્યું હતુ કે, ‘ભીડને કાબૂમાં લેવા માટે માર મારવામાં આવી રહ્યો હતો. હું એક ખૂણામાં ઊભો હતો ભૂખ્યો અને તરસ્યો, સવારે ૬-૭ કલાક સુધી ઓડિશન માટે તેના વારાની રાહ જોતો હતો. પછી તે ત્યાંથી એ વિચારીને ચાલ્યો ગયો કે તે તેના જીવનમાં ક્યારેય ઓડિશનમાં ભાગ નહીં લે. પછી મે ઈન્ટરનેટ મીડિયા પર યુટ્યુબર તરીકે કારકિર્દી બનાવવાનું નક્કી કર્યુ હતું.’ભુવને વીડિયો બનાવવા અને તેના પર માતા-પિતાની પ્રતિક્રિયા અને રસપ્રદ કિસ્સો જણાવતા કહ્યું કે, ‘જ્યારે પપ્પા મારા જોક્સ પર હસી પડ્યા. તે યાદગાર ક્ષણ હતી. પછી ધીમે-ધીમે ઈન્ટરનેટ મીડિયાથી ઓટીટી સુધીની સફર કરી. આમાં ઘણા પડકારો ઊભા થયા.

# વિક્રાંત મેસીએ તેની ‘નિવૃત્તિ’ પોસ્ટ પર મૌન તોડ્યું

વધુ પડતું અંગ્રેજી લખાઈ ગયું



વિક્રાંત મેસીએ તાજેતરમાં તેની એક સોશિયલ મીડિયા પોસ્ટથી મૂંઝવણ ઊભી કરી હતી. વાસ્તવમાં, અભિનેતાએ તેની પોસ્ટમાં લખ્યું હતું કે તે ૨૦૨૫માં અભિનયમાંથી બ્રેક લઈ રહ્યો છે, જેના કારણે કેટલાક ચાહકો સમજી ગયા કે તે સંન્યાસ લઈ રહ્યો છે. જોકે, વિક્રાંતે આ બધી ગેરસમજ વિશે વાત કરી અને પોતાના નિવેદન પર સ્પષ્ટતા પણ આપી.એક ઈન્ટરવ્યુમાં વિક્રાંતે કહ્યું, ‘‘મેં વિચાર્યું ન હતું કે જીવનમાં આ બધું થશે. હું ૧૨મી ફેલમાં પાસ થયો, અને મારા કામની ખૂબ પ્રશંસા થઈ. મારું સપનું જીવનમાં ફિલ્મફેર મેળવવાનું હતું, તે પણ મને મળ્યું. વિક્રાંતે જણાવ્યું હતું કે, ખાસ કરીને મધ્યમ વર્ગની પૃષ્ઠભૂમિમાંથી આવતા વ્યક્તિ તરીકે તેમને જે ઓળખ મળી છે તેના માટે તે ખૂબ જ આભારી છે. તેમણે કહ્યું, ‘‘મધ્યમ-વર્ગીય પરિવારના વ્યક્તિ માટે, વડા પ્રધાનને મળવું, તેમને અને સમગ્ર કેબિનેટને ફિલ્મ જોવી એ મારા માટે ઘણું અર્થ છે, તે પહેલેથી જ એક મોટી ઉપલબ્ધિ છે.’’વિક્રાંતે તેની કારકિર્દી પર પડેલી ભાવનાત્મક અને શારીરિક અસર વિશે ખુલીને વાત કરી. ‘‘શારીરિક રીતે, હું થાકી ગયો છું,’’ તેણે સ્વીકાર્યું. તેણે એ પણ ઉલ્લેખ કર્યો કે અંગ્રેજીમાં લખેલી તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં થોડી મૂંઝવણ ઊભી થઈ છે. તેમણે કહ્યું, ‘‘મને લાગ્યું કે હવે સમય આવી ગયો છે કે વડાપ્રધાન એક એવી ફિલ્મ જોવા જઈ રહ્યા છે જે મારા હૃદયની ખૂબ નજીક છે, અને મેં વિચાર્યું કે અહીંથી જ વસ્તુઓ સારી થઈ શકે છે.

# પુષ્પા ૨નો બુખાર બીજા સપ્તાહે પણ બરકરાર રહ્યો

અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે




અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે. શાનદાર કલેક્શન સાથે, હવે ફિલ્મ આરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે.‘પુષ્પા ૨: ધ રૂલ’ની ગતિ બોક્સ ઓફિસ પર અટકવાના કોઈ સંકેત દેખાડી રહી નથી. આ ફિલ્મ ૫મી ડિસેમ્બરે સ્ક્રીન પર રિલીઝ થયાને ૯ દિવસ થઈ ગયા છે. અલ્લુ અર્જુનની ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે અને દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે.અહેવાલ મુજબ, ‘પુષ્પા ૨: ધ રૂલ’એ બોક્સ ઓફિસ પર ૧૭૪.૯૫ કરોડ રૂપિયાની ઓપનિંગ કરી હતી. શાનદાર દૈનિક કમાણી સાથે, ફિલ્મે ૫ હેલા અઠવાડિયામાં ૭૨૫.૮ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે બીજા સપ્તાહમાં પણ ફિલ્મ જોરદાર કમાણી કરી રહી છે. નવમા દિવસે ‘પુષ્પા ૨: ધ રૂલ’ એ કુલ ૩૬.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.‘પુષ્પા ૨: ધ રૂલ’ આરઆરઆરને હરાવી દેશે?અલ્લુ અર્જુનની ફિલ્મે હવે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૭૬૨.૧ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. હવે આ ફિલ્મઆરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે જેણે ભારતમાં કુલ રૂ. ૭૮૨.૨ કરોડની કમાણી કરી હતી. હાલમાં, ‘પુષ્પા ૨: ધ રૂલ’ ભારતની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે, તે આરઆરઆરને પાછળ છોડીને ત્રીજા નંબરે તેનું સ્થાન લેશે.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે



સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યુ છે. ૨૦૨૩માં બોલિવૂડને ‘જવાન’, ‘ગદર’ અને ‘એનિમલ’ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની ‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે.

# કરિશ્માએ રણધીરને ટેકો આપીને પુત્રીની ફરજ નિભાવી

સમગ્ર ફિલ્મ ઉદ્યોગના કલાકારો હાજર રહ્યાં

પીઢ અભિનેતા અને દિગ્દર્શક રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતિ પર, તેમનો આખો પરિવાર તેમની ફિલ્મોની ઉજવણી કરવા માટે એક છત નીચે એક સાથે આવ્યો હતો. આ ખાસ અવસર પર, આલિયાનો તેની સાસુ અને ભાભી પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો, જ્યારે કરિશ્મા કપૂરે તેના પિતાની પુત્રી તરીકેની ફરજ ખૂબ જ સારી રીતે નિભાવી.કરિશ્મા કપૂર તેના પિતા રણધીર કપૂરને ચાલવામાં મદદ કરતી જોવા મળે છે. કરિશ્મા સતત તેના પિતાનો હાથ તેના ખભા પર રાખતી હતી.બોલિવૂડના ફેવરિટ કપલ રણબીર કપૂર અને આલિયા ભટ્ટ શુક્રવારે દિવંગત ફિલ્મ સર્જક રાજ કપૂરની ઉજવણીમાં હાજરી આપવા પહોંચ્યા હતા. નીતુ કપૂર અને તેની પુત્રી રિદ્ધિમા કપૂર સાહની પણ તેની સાથે જોડાયા હતા. પરિવારે પાપ ારાઝી માટે પોઝ પણ આપ્યો હતો. નીતુએ આલિયાને જોતાની સાથે જ તેના લુકના વખાણ કર્યા હતા જ્યારે રિદ્ધિમાએ આવતાની સાથે જ તેને ગળે લગાવી હતી. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણી માટે પહોંચ્યા ત્યારે તેઓ હાથમાં હાથ મિલાવીને ચાલતા જોવા મળ્યા હતા. આલિયા સફેદ સાડીમાં સુંદર લાગી રહી હતી. તેણે ખાલી ગોલ્ડન નેકપીસ પહેર્યો હતો. આ દરમિયાન નીતુ કપૂર અને રિદ્ધિમા પણ તેમની સાથે તસવીરો માટે જોડાયા હતા.



# બોલિવૂડ અભિનેતા વિવેક ઓબેરોયની લાઈફ સ્ટાઈલ આજે પણ સાદગીભરી

વિવેક ઓબેરોયે વર્ષ ૨૦૦૨માં ગેંગસ્ટર ફિલ્મ કંપની દ્વારા અભિનયની શરૂઆત કરી હતી. આ પછી તે સાથિયા, ક્રિશ ૩, મસ્તી, ઓમકારા અને દમ જેવી ફિલ્મોમાં જોવા મળ્યો. જોકે, તેને શરૂઆતમાં જ સફળતા મળી હતી. તે અત્યારે ત્યાં નથી. તેમનો ૩૪૦૦ કરોડ રૂપિયાનો મની લેંડિંગ બિઝનેસ છે. હા, અભિનેતાએ પોતે મુંબઈમાં એક ઈવેન્ટમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે આજે તેનો સ્ટુડન્ટ લોન બિઝનેસ ૩૪૦૦ કરોડ રૂપિયાનો છે. ફ્રેન્ચાઈઝ ઈન્ડિયા યુટ્યુબ ચેનલ દ્વારા શેર કરવામાં આવેલા વિડિયોમાં, અભિનેતા કહે છે, મેં એક સ્ટાર્ટઅપ શરૂ કર્યુ, જે શિક્ષણ ફીના નાણાં માટે હતું, તે પણ કોલેટરલ વિના. તે હવે ઘણો મોટો થઈ ગયો છે. અમે નેટવર્ક દ્વારા ૧૨૦૦૦ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને જોડ્યા છે.તે આગળ કહે છે, પરંતુ પછી અમે ગ્રાહક સાથે જોડાયા અને તે ડેટા અમારી પાસે રાખ્યો. અમે અમારા ગ્રાહકોને સીધા જ ઓળખ્યા, તેઓ ૪૫ લાખ લોકો હતા જેઓ શાળા કે કોલેજ જતા હતા.આ ખૂબ જ સારો ડેટા હતો, અને આ રીતે કંપનીનું મૂલ્ય લગભગ ઈ૪૦૦ મિલિયન (અંદાજે રૂ. ૩,૪૦૦ કરોડ) વધી ગયું છે.વિવેક ઓબેરોયે તેમના વ્યવસાયની સફળતાનો શ્રેય ધ્યાન આકર્ષિત કરવા માટે તેમની વ્યક્તિગત બ્રાન્ડના સ્માર્ટ ઉપયોગને આપ્યો.



# સલમાને લૉંચ કરી તો જાણે, ખોવાયેલાં બાળક જેવું લાગ્યું : ઝરીન

ઝરીન ખાને ૨૦૧૦માં ‘વીર’ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. સલમાન ખાને તેને લોંચ કરી હતી. એ વખતે દેખાવમાં સમાનતાને કારણે ઝરીન ખાનની સરખામણી કેટરિના કૈફ સાથે થતી હતી. તાજેતરમાં જ ઝરીને એક પોડકાસ્ટમાં જણાવ્યું કે ‘વીર’ પછી તેનું જીવન કેવું થઈ ગયું હતું. ઝરીન ખાનને પૂછવામાં આવ્યું કે ફિલ્મમાં ડેબ્યુ કર્યા પછી તેને કેવું લાગ્યું અને તેનો અનુભવ કેવો રહ્યો. ત્યારે ઝરીને કહ્યું કે તેનો બહુ ખરાબ અનુભવ હતો અને તેને ઘણી ટીકાનો સામના કરવો પડ્યો હતો. ઝરીન માટે આ ફિલ્મ જીવન બદલનારી ક્ષણ હતી, તો ઝરીને કહ્યું કે શરૂઆતમાં તે બહુ ખુશ હતી કે તેની સરખામણી કેટરિના કૈફ સાથે થાય છે. તેણે કહ્યું,‘‘મારા માટે, જે એક વજનદાર હોય, તેની સરખામણી કેટરિના સાથે થાય તે બહુ મોટી વાત હતી.’’ જોકે, ઈન્ડસ્ટ્રીમાં કેટરિના જેવી દેખાતી હોવાથી તેની કૅરિઅર પર મોટું બૅકફાયર થયું. આ જ પ ોડકાસ્ટમાં ઝરીન ખાને યાદ કર્યુ કે બોલિવૂડની જાણીતી હસ્તીઓ આ ફિલ્મની રિલીઝ બાદ તેને એરોગન્ટ ગણતાં હતાં. ઝરીને કહ્યું કે, તેને જાણે એક ‘‘ખોવાયેલાં બાળક’’ જેવું લાગતું હતું, જે ઈન્ડસ્ટ્રીમાં નવું હતું અને કોઈને ખાસ ઓળખતું નહોતું. તેણે કહ્યું,‘‘હું ખચકાતી હતી, તેથી મૌન રહેતી હતી. તો એ લોકો એવું વિચારતા કે હું એરોગન્ટ છું. લોકો કહેતાં કે સલમાને મને લોંચ કરી એટલે હું આટલી એરોગન્ટ છું.’’ ઝરીન ખાને આગળ કહ્યું, કે તેની સરખામણી થવા લાગી તો શરૂઆતમાં તો ગમ્યું પણ પછી હું ઘરમાં જ રહેવા લાગી. પરંતુ પછી લાગ્યું કે લાંબો વખત સુધી અપસેટ રહેવાનો કોઈ અર્થ નથી. પછી ઝરીન ખાન ઈન્ડસ્ટ્રીથી દૂર થઈ ગઈ.



# કામઢી રાધિકા : માતા બન્યાના આઠ દિવસમાં જ કામેં લાગી

અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે

ન્યુ બોર્ન બેબી સાથે રાધિકા આપ્ટેનો ફોટો વાયરલ થયો છે જેમાં તેણીબાળકના જન્મના ૮ દિવસમાં જ કામેં લાગી ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે.રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે. થોડા સમય પહેલા જ તેણે પોતાની પ્રેગનેન્સી અનાઉન્સ કરી હતી. લગ્નના ૧૨ વર્ષ પછી તે માતા બની છે અને તેણે એક અઠવાડિયા પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે. રાધિકા આપ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ પર દિકરી સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, દીકરીના જન્મ પછી એક અઠવાડિયાના બાળક સાથે કામ ફરીથી શરૂ. જોકે રાધિકા કોમેન્ટમાં એવું નથી જણાવ્યું કે તેને દીકરીને જન્મ આપ્યો છે કે દીકરાએ. પરંતુ તેની એક મિત્ર સારા અફઝલે કોમેન્ટ કરી છે અને તેમાં તેણે લખ્યું છે સૌથી સારી છોકરીઓ.આ કોમેન્ટ પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાધિકા આપ્ટે એ દીકરીને જન્મ આપ્યો છે.મહત્વનું છે કે રાધિકા વર્ષ ૨૦૧૨માં બ્રિટિશ વાઈલીનીસ્ટ અને સંગીતકાર બેનેડીકટ ટેલર સાથે લગ્ન કર્યા હતા. રાધિકા આપ્ટે પોતાની પર્સનલ લાઈફને લાઈમલાઈફથી દૂર રાખે છે. રાધિકા આપ્ટેએ તેની પ્રેગ્નન્સી પણ પ્રાઈવેટ રાખી હતી.



### ચીને ફરી ભારતની ચિંતા વધારી

# ચીને ડોકલામ પાસે ભૂટાનમાં ૨૨ જેટલા ગામો વસાવી લીધા

**લદ્દાખમાં ચીન અને ભારત વચ્ચેનો તણાવ ઓછો થયો, પરંતુ હવે ચીને ફરી ડોકલામમાં તેના સંઘર્ષના ઈરાદા દર્શાવ્યા**

। નવી દિલ્હી, તા. ૧૯ ।

ચીનની નાપાક ગતિવિધિઓને કારણે ભારત અને ચીન ડોકલામ મુદ્દે લાંબા સમયથી સંઘર્ષમાં હતા. હાલમાં જ લદ્દાખમાં ચીન અને ભારત વચ્ચેનો તણાવ ઓછો થયો છે, પરંતુ હવે ચીને ફરી ડોકલામમાં તેના સંઘર્ષના ઈરાદા દર્શાવ્યા છે. પાડોશી દેશ ચીને છેલ્લા ૮ વર્ષથી ભૂટાનના પરંપરાગત વિસ્તારમાં લગભગ ૨૨ ગામો વસાવી લીધા છે. આટલું જ નહીં, ૨૦૨૦થી ચીન ડોકલામ નામના પઠાર વિસ્તારની નજીક લગભગ ૮ ગામોનું નિર્માણ કરી ચૂક્યું છે. ચીનનું આ પગલું ભૂટાન માટે જેટલું જોખમી છે તેટલું જ ભારત માટે પણ નકારાત્મક છે.પડોશીઓની જમીન પર કબજો કરવો અને તેની વિસ્તરણવાદી નીતિના ભાગરૂપે જમીન પર દાવો કરવો એ ચીનની જૂની ટેવ છે. લદ્દાખમાં લગભગ ૫ વર્ષ સુધી સંઘર્ષમાં નિષ્ફળ રહ્યા બાદ ચીન ફરી એકવાર જૂનું વલણ અપનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. એક તરફ ચીન ભારત સાથે સરહદ વિવાદ (ભારત-ચીન બોર્ડર ડિસ્પ્યુટ) ઉકેલવાની વાત કરી રહ્યું છે, તો બીજી તરફ તે ડોકલામની આસપાસ ગામડાઓવસાવી રહ્યું છે. તેની આ બધી યુક્તિઓ સેટેલાઈટ તસવીરો દ્વારા બહાર આવવા લાગી છે.હકીકતમાં, સેટેલાઈટ ફોટો દ્વારા ચીનની રણનીતિનો ખુલાસો થયો છે. ડોકલામ નજીક ભૂટાનના પશ્ચિમી પ્રદેશના આઠ ગામો વ્યૂહાત્મક રીતે એક ખીણ અથવા પટ્ટા પર સ્થિત છે, જ્યાંથી ચીન દ્વારા દાવો કરવામાં આવેલી ખીણ દેખાઈ છે અને ઘણા ચીનની સૈન્ય ચોકીઓ અથવા ઠેકાણાઓની નજીક છે. મહત્ત્વપૂર્ણ છે કે, નિરીક્ષકો અને સંશોધકો દ્વારા શોધાયેલા ૨૨ ગામોમાંથી સૌથી મોટું ગામ જિવુ છે. જે પરંપરાગત ભૂટાની ચરાગાહ જમીન પર બનેલું છે જેને ત્સેથાંગખા તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ૫ આતંકી ઠાર, ૨ જવાન ઘાયલ

# જમ્મુ કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ

**જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ આજે સવારે એક મોટું ઓપરેશન હાથ ધર્યું હતું, વર્ષ ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરમાં ૧૪૨ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને આ વર્ષે અત્યાર સુધીમાં આ સંખ્યા માત્ર ૪૫ની આસપાસ છે**

। જમ્મુ-કાશ્મીર, તા.૧૯ ।

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ આજે સવારે એક મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. કુલગામ જિલ્લાના કાદર વિસ્તારમાં થયેલા આ એન્કાઉન્ટરમાં ૫ આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ ઉપરાંત એન્કાઉન્ટરમાં બે જવાન પણ ઘાયલ થયા છે. ભારતીય સેનાના ચિનાર કોર્પ્સનું કહેવું છે કે આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ભારે ગોળીબાર શરૂ કરી દીધો હતો.ચિનાર કોર્પ્સે એક્સ પર આપેલી માહિતી અનુસાર, 'ઓપરેશન કાદર, કુલગામ. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, આતંકવાદીઓની હાજરીથી સંબંધિત ઈનપુટ્સના



આધારે, ભારતીય સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા કાદર, કુલગામમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સતર્ક સૈનિકો દ્વારા શંકાસ્પદ ગતિવિધિઓ જોવામાં આવી હતી અને જ્યારે તેને પડકારવામાં આવ્યો ત્યારે આતંકવાદીઓ દ્વારા ભારે ગોળીબાર શરૂ કરવામાં આવ્યો હતો. અમારા સૈનિકોએ તરત જ જવાબી કાર્યવાહી કરી. ઓપરેશન ચાલુ છે.દક્ષિણ કાશ્મીરના કુલગામ અને શોપિયાં જિલ્લાની સરહદે આવેલા બિહીબાગ-કદરમાં સુરક્ષા દળો દ્વારા ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ દરમિયાન ૪ થી ૫ આતંકવાદીઓના જૂથની હાજરીની માહિતી મળી હતી. જે બાદ બંને તરફથી ગોળીબાર થયો હતો.આ એન્કાઉન્ટર એવા દિવસે થયું છે જ્યારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી શકે છે. સૂત્રોએ જણાવ્યું કે જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, સેના, અર્ધલશ્કરી દળો, જમ્મુ-કાશ્મીર પ્રશાસન, ગુપ્તચર એજન્સી અને ગૃહ મંત્રાલયના ટોચના અધિકારીઓ આ બેઠકમાં ભાગ લઈ શકે છે. ગૃહમંત્રીને વર્તમાન પરિસ્થિતિ અને સરહદી વિસ્તારોની સ્થિતિ વિશે માહિતી આપવામાં આવશે.આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં અનેક વખત આતંકવાદી ઘટનાઓ બની છે. ૨૦ ઓક્ટોબરે મધ્ય કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં સાત લોકો માર્યા ગયા હતા. આ ઘટના પહેલા કાશ્મીરમાં કામ કરતા બહારના લોકો પર પણ હુમલા થયા હતા.

## ન્યૂઝ બ્રિફ



**અલ્લુ અરવિંદ આજે ૪ ડિસેમ્બરે નાસભાગમાં ઘાયલ થયેલા બાળકને મળ્યા હતા**

### પુષ્પા ૨ સ્ટાર અલ્લુ અર્જુનના પિતા બાળકની હાલત જાણવા હોસ્પિટલ પહોંચ્યા

। મુંબઇ, તા.૧૯ ।

પુષ્પા ૨ સ્ટાર અલ્લુ અર્જુનના પિતા અલ્લુ અરવિંદ આજે ૪ ડિસેમ્બરે નાસભાગમાં ઘાયલ થયેલા બાળકને મળ્યા હતા. અર્જુનના પિતા પીડિતાના પરિવારને મળ્યા હતા અને બાળકની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. ૪ ડિસેમ્બરથી હોસ્પિટલમાં દાખલ બાળકની સ્થિતિ જાણવા તેલંગાણાના આરોગ્ય સચિવ ક્રિસ્ટીના ઝેડ ચોંગથુ અને હૈદરાબાદના પોલીસ કમિશનર સી. આનંદ પણ તેમની સાથે હતા. બાદમાં તેણે મીડિયાને બાળકની હાલત વિશે જાણકારી આપી.પોલીસ કમિશનર સી.વી. આનંદે જણાવ્યું કે ઈજાના કારણે બાળકના મગજ પર ખરાબ અસર પડી છે. તેણે કહ્યું, 'જ્યારે તે નાસભાગમાં ઘાયલ થયો હતો, ત્યારે તેના મગજમાં ઓક્સિજન પહોંચી શક્યો ન હતો અને તેના કારણે તેની સ્થિતિ પર વિપરીત અસર થઈ હતી. ડોક્ટરોની ટીમ કહી રહી છે કે તેને સાજા થવામાં સમય લાગશે. બાળક હાલ વેન્ટિલેટર પર છે.

### ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં અભિનેત્રા મલ્લિકા શેરાવતનું નિવેદન નોંધ્યું

। મુંબઇ, તા.૧૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ અભિનેત્રી મલ્લિકા શેરાવત અને ટીવી અભિનેતાનું નિવેદન કેટલાક પાકિસ્તાની નાગરિકોની માલિકીની સટ્ટાબાજીની વેબસાઈટ સામે મની લોન્ડરિંગની તપાસમાં નોંધ્યું છે. આ વેબસાઈટ ટી ૨૦ વર્લ્ડ કપની મેચોનું પણ ગેરકાયદે પ્રસારણ કરે છે. ફેડરલ એજન્સીએ પોર્ટલ 'મેજિકવિન' સામે તેની તપાસના ભાગરૂપે ગયા અઠવાડિયે દિલ્હી, મુંબઈ અને પૂણેમાં નવી શોધ હાથ ધરી હતી.સૂત્રોએ જણાવ્યું હતું કે એજન્સીએ મલ્લિકા શેરાવત અને ટીવી અભિનેત્રી પૂજા બેનર્જીને આ કેસમાં કેટલાક પ્રશ્નોના જવાબ ઈમેલ અથવા સત્તાવાર પ્રતિનિધિ દ્વારા આપવા કહ્યું હતું. ૪૮ વર્ષીય અભિનેત્રી મલ્લિકા શેરાવતે ગયા અઠવાડિયે એક અધિકૃત પ્રતિનિધિ મારફતે ઈડીની અમદાવાદ ઓફિસમાં પોતાનું નિવેદન નોંધ્યું હતું અને તેના જવાબો ઈમેલ દ્વારા મોકલ્યા હતા, જ્યારે બેનર્જીએ તપાસ અધિકારી સમક્ષ જુબાની આપી હતી અને તેની સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.પીએમએલએની જોગવાઈઓ હેઠળ તેમનું નિવેદન નોંધ્યું. મલ્લિકા શેરાવતે ઘણી હિન્દી ફિલ્મોમાં પોતાની ભૂમિકા ભજવી છે. તે જ સમયે, પૂજા બેનર્જી 'કસૌટી ઝિંદગી કી'માં જોવા મળી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી કુવૈતની બે દિવસીય મુલાકાતે જઈ રહ્યા છે

। નવીદિલ્હી, તા.૧૯ ।

ભારત અને કુવૈત પરંપરાગત રીતે સહિયારા ઈતિહાસ, મજબૂત વેપાર સંબંધો અને સાંસ્કૃતિક ભાગીદારીના આધારે મૈત્રીપૂર્ણ સંબંધોનો આનંદ માણે છે. આ વર્ષે, ૪૩ વર્ષ પછી ભારતીય વડા પ્રધાનની કુવૈતની પ્રથમ રાજ્ય મુલાકાત એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ સાબિત થઈ રહી છે, જે બંને દેશો વચ્ચે વધતા સહકારને દર્શાવે છે. વિદેશ મંત્રાલયે બુધવારે કહ્યું કે વડાપ્રધાન મોદી ૨૧-૨૨ ડિસેમ્બરે કુવૈતની મુલાકાત લેશે.ભારત અને કુવૈત વચ્ચેના સંબંધો પ્રાચીન સમયથી મજબૂત છે, જ્યારે કુવૈતની આર્થિક વ્યવસ્થા દરિયાઈ વેપાર પર આધારિત હતી. લાકડું, અનાજ, કપડાં અને મસાલાઓ ભારતમાં અને ભારતથી મુસાફરી કરતા વેપારી જહાજો દ્વારા કુવૈત મોકલવામાં આવતા હતા, જ્યારે ખજૂર, અરેબિયન ઘોડા અને મોતી કુવૈતથી ભારતમાં મોકલવામાં આવતા હતા. ભારતીય રૂપિયો ૧૯૬૧ સુધી કુવૈતમાં કાનૂની ટેન્ડર હતો, જે બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોની સ્થિરતાનું પ્રતીક હતું.ભારત અને કુવૈત વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો ૧૯૬૧માં સ્થાપિત થયા હતા.

**મુંબઈમાં બોટ અકસ્માત, ૧૩ લોકોના મોત**

### વડાપ્રધાન મોદીએ મૃતકોને ૨ લાખ, ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાના વળતરની જાહેરાત કરી

**બુધવારે મુંબઈના દરિયાકાંઠે નૌકાદળનું એક જહાજ બોટ સાથે અથડાયું હતું**

। નવીદિલ્હી, તા.૧૯ ।

મહારાષ્ટ્રના મુંબઈમાં બોટ દુર્ઘટનામાં ૧૩ લોકોના મોત બાદ પીએમ મોદીએ ૨ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. આ માહિતી વડાપ્રધાન કાર્યાલય દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આપવામાં આવી છે. વડાપ્રધાન કાર્યાલયે લખ્યું, “વડાપ્રધાને મુંબઈમાં બોટ દુર્ઘટનામાં માર્યા ગયેલા દરેક વ્યક્તિના નજીકના સંબંધીઓને પીએમએનઆરએફ તરફથી ૨ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયાની જાહેરાત કરી છે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.”બુધવારે મુંબઈના દરિયાકાંઠે નૌકાદળનું એક જહાજ બોટ સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા હતા, જ્યારે ૯૯ લોકોનો આબાદ બચાવ થયો હતો. નૌકાદળ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નૌકાદળનું જહાજ એન્જિન પરીક્ષણ માટે જઈ રહ્યું હતું, પરંતુ તે પછી સાંજે ૪ વાગ્યે તેણે નિયંત્રણ ગુમાવ્યું અને કારંજા પાસે નીલકમલ નામની બોટ સાથે અથડાઈ. આ બોટ મુસાફરોને ગેટવે ઓફ ઈન્ડિયાથી લોકપ્રિય પર્યટન સ્થળ 'એલિફન્ટા' ટાપુ પર લઈ જઈ રહી હતી.“નૌકાદળે તરત જ કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસ સાથે સંકલન કરીને શોધ અને બચાવ પ્રયાસો શરૂ કર્યા,” નેવીએ કહ્યું. બચાવ કામગીરીમાં નૌકાદળના ચાર હેલિકોપ્ટર, નૌકાદળની ૧૧ બોટ, કોસ્ટ ગાર્ડની એક બોટ અને મરીન પોલીસની ત્રણ બોટ નૌકાદળ અને અન્ય જહાજોની મદદથી નજીકના વિસ્તારોમાંથી બચી ગયેલા લોકોને બહાર કાઢવામાં આવી હતી.

### પુતિનની નિકટના જનરલની યુક્રેન દ્વારા હત્યા બાદ રશિયાનો જબરદસ્ત બદલો

# રશિયાએ માત્ર એક દિવસમાં ૫૪૦ યુક્રેનિયન સૈનિકોને માર્યા

**કિરિલોવ હત્યા કેસનો શંકાસ્પદ પકડાયો : રશિયાએ બુધવારે ઉઝબેકિસ્તાનના એક નાગરિકની અટકાયત કરી છે । અમેરિકન અને પોલિશ બખ્તરબંધ વાહનોને પણ નષ્ટ કરી દેવામાં આવ્યા**

। મોસ્કો, તા.૧૯ ।

પુતિનના સૌથી વિશ્વાસુ સેનાપતિઓમાંના એક લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરિલોવની હત્યાએ રશિયાને હચમચાવી નાખ્યું છે. બોમ્બ બ્લાસ્ટમાં કિરિલોવના મોત બાદ રશિયાએ યુક્રેન પાસેથી જબરદસ્ત બદલો લીધો છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રશિયાએ છેલ્લા ૨૪ કલાકમાં યુક્રેનના ૫૪૦ સૈન્ય કર્મચારીઓને મારી નાખ્યા છે. આ સાથે ઘણા અમેરિકન અને પોલિશ બખ્તરબંધ વાહનોને પણ નષ્ટ કરી દેવામાં આવ્યા છે.રશિયાના 'Zapd' (પશ્ચિમ) અને 'Tsentr' (કેન્દ્ર) દળોએ યુક્રેનના ૧૧ વળતા હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતા. 'ઝેપ્ડ' જૂથે ૪૪૦ યુક્રેનિયન સૈનિકોનો હણી લીધા છે, જ્યારે 'યુગ' (દક્ષિણ) જૂથે ૩૫૦ સૈનિકોને મારી નાખ્યા છે. આ ઉપ



રાંત, રશિયન દળોએ ડોનેટ્સ્ક ક્ષેત્રના ટુડોવ અને સ્ટેરી ટર્ની વિસ્તારો પર કબજો મેળવી લીધો છે. કિરિલોવનું મંગળવારે તેના મોસ્કો એપાર્ટમેન્ટની બહાર પાર્ક કરેલા સ્કૂટરમાં પ્લાન્ટ કરેલા બોમ્બના વિસ્ફોટમાં મોત થયું હતું. રશિયન એજન્સીઓનું કહેવું છે કે આ હુમલો યુક્રેનની ગુપ્તચર એજન્સીઓએ કર્યો હતો. કિરિલોવ હત્યા કેસનો શંકાસ્પદ પકડાયો : રશિયાએ બુધવારે ઉઝબેકિસ્તાનના એક નાગરિકની અટકાયત કરી છે. આ વ્યક્તિએ મોસ્કોમાં જનરલ કિરિલોવની હત્યા કરવા માટે બોમ્બ પ્લાન્ટ કર્યાની કબૂલાત કરી છે.હુમલાખોરને યુક્રેનની એજન્સીએ આ કામ માટે એક લાખ ડોલર, યુરોપમાં રહેવા તથા સુરક્ષા માટેનું વચન આપ્યું હતું. પુતિનના સૌથી વિશ્વાસુ સેનાપતિઓમાંના એક લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરિલોવની હત્યાએ રશિયાને હચમચાવી નાખ્યું છે.

## ઓસ્કારની રેસમાંથી બહાર થઈ ગઈ લાપતા લેડીઝ

। મુંબઇ, તા.૧૯ ।

૯૭મા ઓસ્કાર એવોર્ડ્સમાં બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર કેટેગરીમાં ભારતની સત્તાવાર એન્ટ્રી “લાપતા લેડીઝ” ઓસ્કારની રેસમાંથી બહાર થઈ ગઈ છે. કિરણ રાવના નિર્દેશનમાં બનેલી આ હિન્દી ફિલ્મ એ ૧૫ ફિચર ફિલ્મોની યાદીમાં સામેલ નથી જે અંતિમ પાંચમા સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરશે. એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સે આજે બુધવારે સવારે આની જાહેરાત કરી હતી. જો કે, બ્રિટિશ-ભારતીય ફિલ્મ નિર્માતા સંધ્યા સૂરીની “સંતોષ”, જેમાં ભારતીય અભિનેત્રી શાહના ગોસ્વામી અને સુનિતા રાજવાર યુકેનું પ્રતિનિધિત્વ કર્યું છે.

## નિર્ભયા સામુહિક દુષ્કર્મના ગુનેગારોને નપુંસક બનાવવાની અરજી કરાઈ

। નવી દિલ્હી, તા.૧૮ ।

નિર્ભયા સામુહિક દુષ્કર્મ-હત્યાની ૧૨મી વરસી પર સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં દુષ્કર્મના ગુનેગારોને નપુંસક બનાવવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં આ ઉપરાંત મહિલાઓની સુરક્ષા અંગે માર્ગદર્શિકા બનાવવા અને કાયદામાં સુધારો કરવા સહિતની ૨૦ માંગણીઓ કરાઈ હતી. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જવલ ભુયાનની બેંચે આ અરજી પર કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોને નોટિસ જારી કરીને તેમનો જવાબ માંગ્યો છે.મહિલા વકીલોના સંગઠન સુપ્રીમ કોર્ટ વુમન લોયર્સ એસોસિએશન એ અરજીમાં જાહેર ઈમારતો અને સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા, ઓનલાઈન પોર્નોગ્રાફિક અને ઓટીટી અશ્લીલ સામગ્રી પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. જીઝઉન્છના પ્રમુખ અને વરિષ્ઠ વકીલ મહાલક્ષ્મી પવાણીએ જણાવ્યું હતું કે નિર્ભયાથી અભયા (કોલકાતાની આરજી કર દુષ્કર્મ-હત્યા પીડિતા)માં કંઈ બદલાયું નથી. સડકથી લઈને ઘર સુધી મહિલાઓ પર દુષ્કર્મ થઈ રહ્યો છે.

**નાસાએ સુનીતાની અંતરીક્ષમાંથી વાપસી અંગે મહત્વનું અપડેટ આપ્યું**

**આ મિશન માત્ર આઠ દિવસ માટે હતું પરંતુ ત્યાં પહોંચતા પહેલા જ સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને તેમનું પરત ફરવાનું મુલતવી રાખવામાં આવ્યું**

# સુનિતા વિલિયમ્સ માર્ચ સુધી પૃથ્વી પર પાછી નહીં આવી શકે

। વોશિંગ્ટન, તા.૧૯ ।

નાસાએ ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સની વાપસીને લઈને એક નવું અપડેટ જારી કર્યું છે. આ મુજબ અવકાશમાં ફસાયેલી સુનીતા વિલિયમ્સની વાપસી વધુ એકવાર મુલતવી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુનીતા વિલિયમ્સ અને તેના પાર્ટનર બૂચ વિલ્મોર છેલ્લા ઘણા મહિનાઓથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં અટવાયેલા છે. અગાઉ તે ફેબ્રુઆરીમાં પૃથ્વી પર પરત ફરવાના હતા. જોકે, નાસાએ મંગળવારે જણાવ્યું હતું કે તેમને પાછા લાવવાનું મિશન વધુ વિલંબિત થશે. હવે તેઓએ ઓછામાં ઓછા માર્ચના અંત સુધી ત્યાં રહેવું પડશે.ઉલ્લેખનીય છે કે વરિષ્ઠ અવકાશયાત્રીઓ



સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર જૂનમાં બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં ઁજીજી પર પહોંચ્યા હતા.આ મિશન માત્ર આઠ દિવસ માટે હતું પરંતુ ત્યાં પહોંચતા પહેલા જ સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને તેમનું પરત ફરવાનું મુલતવી રાખવામાં આવ્યું. હવે નાસાએ એક બ્લોગ પોસ્ટમાં પરત ફરવાની વધુ રાહ વિશે માહિતી શેર કરી છે જે મુજબ આઠ દિવસનું આ મિશન ૯ મહિનાથી વધુ લંબાઈ ગયું છે. સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરને પરત કરવા માટે બીજું યાન અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. ક્રૂ-૯ ના બે અવકાશયાત્રીઓ સપ્ટેમ્બરમાં ડ્રેગન અવકાશયાન દ્વારા ઁજીજી પહોંચ્યા હતા. સુનિતા વિલિયમ્સ અને વિલ્મોર માટે બે બેઠકો ખાલી હતી. પ્લાન એવો હતો કે ચારેય ફેબ્રુઆરી ૨૦૨૫માં ધરતી પર પરત ફરશે. જો કે, નાસાએ મંગળવારે જણાવ્યું હતું કે ક્રૂ -૧૦, જે ક્રૂ -૯ અને તે બે અવકાશયાત્રીઓને લઈ જશે.

**ડોનાલ્ડ ટ્રમ્પની ભારતને ચેતવણી** | **ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે ભારત અને બ્રાઝિલ એવા દેશોમાં સામેલ છે જે અમેરિકન સામાન પર સૌથી વધુ ટેરિફ લાદે છે**

# ટ્રમ્પે ફરીથી ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી

। વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી છે. ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે જો ભારત અમેરિકા પર ટેરિફ લાદશે તો તેના જવાબમાં અમે પણ ભારત પર સમાન ટેરિફ લગાવીશું. ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે ભારત અને બ્રાઝિલ એવા દેશોમાં સામેલ છે જે અમેરિકન સામાન પર સૌથી વધુ ટેરિફ લાદે છે.ટ્રમ્પે કહ્યું હતું કે જો અમે તેમને કોઈ સામાન મોકલીએ છીએ તો તેઓ તેના પર ૧૦૦%



અને ૨૦૦% ટેરિફ લાદે છે. જો તેઓ ટેરિફ લાદવા માંગતા હોય તો ઠીક છે, અમે તેમના પર સમાન ટેરિફ પણ લગાવીશું. ટ્રમ્પ સિવાય તેમના વહીવટીતંત્રમાં વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે કહ્યું હતું કે તમે અમારી સાથે જે રીતે વર્તન કરશો તે જ રીતે તમારી સાથે પણ વર્તન કરાશે.સત્તામાંથી વિદાય લઈ રહેલા બાઈડેન પ્રશાસને કહ્યું હતું કે તે ભારત સાથેના અમેરિકાના સંબંધોને વધુ મજબૂત સ્થિતિમાં છોડી રહ્યું છે. બાઈડેન સરકારમાં રાજ્યના ડેપ્યુટી સેક્રેટરી કર્ટ કેમ્પબેલે મંગળવારે એક કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે અમે આશા રાખીએ છીએ કે ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખપદ દરમિયાન પણ આ સંબંધો મજબૂત રહેશે. ટ્રમ્પ ભારત સાથેના સંબંધોને આગળ વધારશે.તેમણે કહ્યું હતું કે અમે છેલ્લા કેટલાક મહિનામાં ભારત સાથે સંબંધોને મજબૂત કરવા માટે કામ કર્યું છે. તાજેતરના ભૂતકાળમાં બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત થઈ છે. તેમાં ડેલાવેરમાં યોજાનારી ક્વાડ સમિટનો પણ સમાવેશ થાય છે.કેમ્પબેલે કહ્યું હતું કે અમે ઉદ્યોગ, ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રે ભારતના સંબંધોને અત્યાર સુધીની સૌથી મજબૂત સ્થિતિમાં લઈ ગયા છીએ. બંને દેશ હવે સ્પેસ સેક્ટર માટે પણ સાથે મળીને કામ કરી રહ્યા છે.અગાઉના સૂચિત નિયમમાં એચ-૧બી વિઝા માટેની વાર્ષિક લોટરી સિસ્ટમનું પણ પુનર્ગઠન કરવામાં આવ્યું હતું, જેથી દરેક અરજદારને પસંદગી પ્રક્રિયામાં સમાન તક મળી શકે. આ સૂચિત ફેરફારને ૨૦૨૫ના નાણાકીય વર્ષની વિઝા લોટરી પહેલા જાન્યુઆરીમાં અંતિમ સ્વરૂપ અપાયું હતું.

## ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર વસંત પરેશ "બંધુ"નું નિધન

। જામનગર,તા.૧૯ ।

ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર વસંત પરેશનું નિધન થયું. હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી આ માહિતી આપી.૭૦ વર્ષીય વસંત પરેશને વય સંબંધિત બીમારીને લઈને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમણે વ્યારાની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમના પાર્થિવદેહને જામનગર લાવવામાં આવ્યો હતો અને સાંજે ૪:૩૦ કલાકે તેમના નિવાસસ્થાન મંગલબાગ ખાતેથી તેમની અંતિમયાત્રા નીકળી હતી અને જામનગરના સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતાં. પોતાની આગવી શૈલીમાં લોકોના ચહેરા પર હાસ્ય ફેલાવનાર વસંત પરેશ આજે આપણી વચ્ચે રહ્યા નથી. હાસ્યજગતમાં વસંત પરેશ વધુ જાણીતું નામ છે. તેઓ ગંભીર મુદ્રામાં હળવી વાતો કહી લોકોને હસાવતા.

### ટ્રાફિકના નિયમો તોડવામાં ગુજરાતીઓ નંબર વન

# એક વર્ષમાં ૧૧ મહિનામાં ૧૫ લાખથી વધુ વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો

### ગુજરાતીઓ પાસે સારી બિઝનેસ સ્કીલ છે પરંતુ ટ્રાફિક સેન્સના નામે તેમની પાસે કંઈ નથી

। માહિતી બ્યુરો,અમદાવાદ,તા.૧૯ ।

એક તરફ આપણે ગુજરાતમાં વર્લ્ડ ક્લાસ શહેરો બનાવવાની વાત કરીએ છીએ અને તેની સરખામણી સિંગાપોર અને શાંઘાઈ સાથે કરીએ છીએ, પરંતુ ગુજરાતના ચારેય મહાનગરોના લોકોને ટ્રાફિક સેન્સ નથી.



ગુજરાતના ચાર મહાનગરોમાંથી ટ્રાફિક ઉલ્લંઘનના શરમજનક આંકડા બહાર આવ્યા છે. જેમાં અમદાવાદના લોકો ટોચ પર છે, ત્યારબાદ અનુક્રમે રાજકોટ અને ત્યારબાદ સુરત અને વડોદરાનો નંબર આવે છે.જો અમદાવાદવાસીઓની ટ્રાફિક સેન્સની વાત કરીએ તો અમદાવાદવાસીઓએ એક વર્ષમાં એટલા બધા ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કર્યું છે કે આ આંકડો ૧૦૦ કરોડને વટાવી ગયો છે. એટલું જ નહીં, આ રકમ એટલી મોટી છે કે અમદાવાદમાં આ સમયે જે મોટા પ્રોજેક્ટ ચાલી રહ્યા છે તેમાં પલ્લવ બ્રિજ બની શકે છે અને તેનું બજેટ પણ નાગરિકોના ટ્રાફિક દંડ જેટલું જ છે.અમદાવાદ શહેરમાં લગભગ ૩૯,૭૩,૦૦૦ વાહનો રસ્તાઓ પર દોડે છે.

જેમાં અમદાવાદ પૂર્વ અને પશ્ચિમના વિવિધ જંકશન પર કેમેરા લગાવવામાં આવ્યા છે, ૨૦૨૩માં ૩.૮૬ લાખથી વધુ વાહનચાલકોને રૂ. ૨૫.૯૬ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો, જ્યારે જાન્યુઆરી ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ સુધી એટલે કે ૧૧ મહિનામાં ૧૫ લાખથી વધુ (૩૦૦%) વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડ . જે લગભગ ૧૦૦ કરોડથી વધુ છે.અમદાવાદ શહેરમાં દરરોજ નવાં વાહનો આવી રહ્યાં છે અને શહેરીજનોનો ધસારો વધી રહ્યો છે ત્યારે આ આંકડો ચોંકાવનારો છે. અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમજ અને પાલન માટે શહેર પોલીસ નાગરિકોને વિવિધ રીતે જાગૃત કરવાનો પ્રયાસ કરી રહી છે.

### ગુજરાતના ખેડૂતોની શિયાળુ પાકની ચિંતા થઈ દૂર

### ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિગતવાર માહિતી આપી હતી

# રાજ્ય સરકાર પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી પૂરું પાડશે

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા. ૧૯ ।

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો નિશ્ચિંત થઈને શિયાળુ પાકોનું વાવેતર કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. હાલ ગુજરાતના તમામ જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિગતવાર માહિતી આપી હતી. તેમણે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સહિત રાજ્યના મુખ્ય ૨૦૭ જળાશયોમાં પાણીની મબલખ આવક થઈ છે. હાલ ગુજરાતના ૨૦૭ જળાશયની કુલ સંગ્રહ ક્ષમતા સામે ૮૮ ટકા જેટલો એટલે કે, ૭.૮૫ લાખ સ્ઝહ્લથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે ગત વર્ષની સરખામણીએ ૪ ટકા વધુ છે. વિસ્તારવાર જોઈએ તો, ઉત્તર ગુજરાતના જળાશયોમાં ૬૫ ટકા, મધ્ય ગુજરાતના જળાશયોમાં ૯૨ ટકા, દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ૯૧ ટકા, સૌરાષ્ટ્રના જળાશયોમાં ૮૬ ટકા અને કચ્છના જળાશયોમાં ૬૨ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya